# ૧

**મહારાજ સાહેબ,**

**શીલ-સદાચાર-સંસ્કાર-ધર્મને જીવનમાં અમલી બનાવવાની અંતરની તીવ્રતમ ઇચ્છા હોવા છતાં અમે જે વાતાવરણમાં જીવી રહ્યા છીએ એ વાતાવરણ એટલું બધું વિષમ-વિચિત્ર અને વિકૃત છે કે એ ઇચ્છાને અમે અમલી બનાવી શકતા જ નથી. કોઈ અન્ય વિકલ્પ છે ખરો ?**

કાર્તિક, તું કલક ાાનો રહેવાસી પણ છે અને ક્રિકટનો રસિયો પણ છે એનો મને ખ્યાલ છે. કલકત્તાના ઈડન ગાર્ડનમાં રમાતી દરેક ટેસ્ટ મૅચ જોવા તું અચૂક જાય છે એ ય હું જાણું છું. જવાબ આપ તું. ઈડન ગાર્ડનના ૧,૦૦,૦૦૦ દર્શકો ક્રીઝ પર રહેલા ભારતના બૅટ્સમૅનને ભારે પોરસ ચડાવતા હોવા છતાં ય બૅટ્સમૅન શૂન્ય રનમાં આઉટ થઈ જાય એવું બની શકે ને ? વિદેશના ખેલાડીનો એ દર્શકો હુરિયો બોલાવતા હોય અને છતાં એ બૅટ્સમૅન સેન્ચ્યુરી લગાવી બેસે એવું ય બની શકે ને ? આનો અર્થ ? આ જ કે વાતાવણ અનુકૂળ હોવા છતાં ય બૅટ્સમૅન શૂન્ય રનમાં આઉટ થઈ શકે છે

અને વાતાવરણ પ્રતિકૂળ હોવા છતાં ય બૅટ્સમૅન સેન્ચ્યુરી લગાવી શકે છે.

તેં જે પ્રશ્ન પુછાવ્યો છે એનો આ જ જવાબ છે. વાતાવરણ અનુકૂળ હોવા છતાં ય ધર્મ માર્ગે કદમ પણ ન માંડનારા જીવો આ જગતમાં જો ઓછા નથી તો વાતાવરણ પ્રતિકૂળ હોવા છતાં ય ધર્મ માર્ગે પૂરઝડપે દોડનારા જીવો પણ આ જગતમાં ઓછા નથી.

મારે તને એટલું જ કહેવું છે કે તું તારા સત્ત્વને એ હદે ઉપર લઈ જા કે ગમે તેવા વિચિત્ર અને વિકૃત વાતાવરણ વચ્ચે ય તું ધર્મારાધનાના માર્ગે આગળ વધતો જ જા. બાકી, જો જીવનભર વાતાવરણની વિકૃતિનાં રોદણાં જ રોયા કરીશ તો જીવનના અંત સમય સુધી ય તું કશું જ શુભ-સમ્યક્ કે સુંદર કરી નહીં શકે. કારણ કે વાતાવરણમાં વિકૃતિ રહેવાની જ છે. તું એને દૂર કરી પણ શકવાનો નથી તો એ વાતાવરણથી બચી શકવાનો પણ નથી.

સંદેશ સ્પષ્ટ છે. **લોકોના ધક્કા વચ્ચે ય ટ્રેનમાં થાંભલો પકડી જ રાખવાનો છે. વાતાવરણ સર્વથા પ્રતિકૂળ હોય તોય શીલ-સદાચાર-સંસ્કાર-ધર્મને ટકાવી જ રાખવાના છે.**


## ૨

**મહારાજ સાહેબ,**

**તમારી પાસે સત્ય હોય એટલા માત્રથી તમને કોઈ પ્રેમ કરતું નથી. તમારી પાસે સદ્‌ગુણ હોય એટલા માત્રથી તમને કોઈ પ્રેમ કરવા લાગતું નથી. તમારી પાસે શક્તિ હોય તો જ લોકો તમને પ્રેમ કરે છે. વર્તમાન જગતની આ વરવી વાસ્તવિકતા છે અને એટલે જ એમ લાગે છે કે જીવનમાં શક્તિને પ્રેમ કરવા સિવાય બીજું કશું જ કરવા જેવું નથી. આપ શું કહો છો ?**

ખંતિલ,

શક્તિ પર પ્રેમ દુર્યોધનને ય હતો તો હિટલરને ય હતો. નેપોલિયને ય હતો તો સદ્દામ હુસેનને ય હતો. ચંગીઝખાનને ય હતો તો નાદિર શાહને ય હતો. એ સહુનું શું થયું છે એની તો તને ખબર છે જ પણ, એ સહુએ જગતને કેવું કદરૂપું અને બિહામણું બનાવી દીધું હતું એની ય તને ખબર છે અને એ પછી ય તું શક્તિને જ પ્રેમ કરવા તૈયાર થઈ ગયો છે એ જોતાં તારી (કુ) બુદ્ધિ પર માન [?] ઉત્પન્ન થઈ જાય છે.



એક વાત તને જણાવું ? શક્તિ પરનો પ્રેમ મનને સતત અશાંત અને તનાવમાં જ રાખે છે અને આ અશાંત અને તનાવમાં રહેતું મન ઘરમાં, સમાજમાં, રાજ્યમાં, રાષ્ટ્રમાં યાવત્ સંપૂર્ણ વિશ્વમા અશાંતિ સર્જીને જ રહે છે.

વિશ્વશાંતિ અંગે યોજાઈ ગયેલા સંખ્યાબંધ પરિસંવાદોમાંના એક પણ પરિસંવાદને હજી સુધી સફળતા મળી નથી એનું એક માત્ર કારણ આ જ છે, શક્તિ પરનો પ્રેમ ! તને ખાતરી સાથે કહું છું કે શક્તિ પરના પ્રેમનું સ્થાન જ્યારે પ્રેમની શક્તિ પરનો વિશ્વાસ લઈ લેશે ત્યારે વિશ્વશાંતિ એ માત્ર શબ્દનો જ વિષય ન રહેતાં અનુભૂતિનો વિષય બની રહેશે.

એક વાત કાયમ આંખ સામે રાખજે કે **દીવાસળી બીજાને તો પછી બાળે છે, પહેલાં પોતે જ બળે છે. શક્તિ અને એ ય પ્રેમરહિત શક્તિ બીજાને તો પછી નુકસાન કરે છે, જાતને નુકસાન સૌ પ્રથમ કરે છે.**

**શક્તિ પર પ્રેમ તો બહુ કર્યો, હવે 'પ્રેમ'ને પ્રેમ કરી જો.**

**એની શક્તિ અનુભવીને તું સ્તબ્ધ થઈ જઈશ.**

## ૩

**મહારાજ સાહેબ,**

ખબર નથી પડતી કે હું જ્યાં પણ જાઉં છું ત્યાં કોક ને કોક કારણસર મારે બધા સાથે વાંકું જ કેમ પડે છે ? પરિવારના સભ્યો સાથે તો વાંકું પડે જ છે, ઘરાકો સાથે અને મિત્રો સાથે પણ વાંકું પડે છે. આ કારણસર મનની પ્રસન્નતા સતત ખંડિત થયા જ કરે છે. આમાંથી બહાર નીકળવાનો કોઈ ઉપાય ?

ગુંજન,

તને સ્વીકારવું નહીં ગમે પણ વાસ્તવિકતા એ છે કે **જગત સાથે વાંકું એને જ પડતું હોય છે કે જેને સતત જાત સાથે જ વાંકું પડતું હોય છે. હું તને વરસોથી ઓળખું છું. જેના ઘરની બારી પશ્ચિમની દિશામાં જ ખૂલતી હોય છે એને જેમ ક્યારેય સૂર્યોદય જોવાનું સદ્ભાગ્ય સાંપડતું નથી તેમ જેની વિચારસરણિ હંમેશાં નકારાત્મક જ હોય છે એને ક્યારેય પ્રસન્નતા અનુભવવાનું સદ્ભાગ્ય સાંપડતું નથી.**

તારી પોતાની મનઃસ્થિતિ શી છે ? આ જ. બધે ય નબળું જ જોતા રહેવાનું એમ નહીં, તારા ખુદના જીવનમાં ય જે નબળું છે એને જ જોતાં રહેવાનું ! રાતના છ કલાક ઊંઘ આવી ગઈ એની સામે નજર નહીં પણ મચ્છરોના કારણે એક કલાક ઊંઘ બગડી એની સામે જ નજર ! જમવામાં બધાં જ દ્રવ્યો બરાબર આવ્યા એનો ખ્યાલ નહીં પણ દાળમાં મીઠું રહી ગયું એનો જ ખ્યાલ ! ૨૫ લાખની ઉઘરાણી પતી ગઈ એનો આનંદ નહીં પણ ૨૫ હજારની ઉઘરાણી ડૂબી ગઈ એની જ વેદના ! સન્માન થયું એની ખુશી નહીં પણ અપેક્ષા મુજબનું સન્માન ન થયું એનો જ ઊકળાટ !

તું પુછાવે છે, 'મને બધા સાથે વાંકું જ કેમ પડે છે ?' મારો જવાબ આ છે, તને જાત સાથે વાંકું પડ્યા કરે છે એટલા માટે ! તું મનના આ ત્રાસમાંથી છુટકારો મેળવવા જો સાચે જ ગંભીર છે તો મારી તને આ જ સલાહ છે, જાત સાથે તું સીધું પાડવા લાગ. પછી તને ક્યાંય વાંકું નહીં પડે. **આંખે ગોગલ્સ લગાવ્યા પછી ય બધું લીલું કદાચ નહીં પણ દેખાતું હોય પણ હકારાત્મક અભિગમ અપનાવ્યા પછી તો બધે ય શુભ-સુંદર અને સમ્યક્ જ દેખાવા લાગે છે.**

# ૪

**મહારાજ સાહેબ,**

સુખ અને દુઃખને તો સમજી શકાય છે, જય અને પરાજયને તથા શ્રીમંતાઈને અને દરિદ્રતાને પણ સમજી શકાય છે; પરંતુ મન અને અંતઃકરણને સમજતાં તો નવનેજાં પાણી ઊતરી જાય છે. શીરાની જેમ ગળે ઊતરી જાય એવી મન અને અંતઃકરણ અંગેની આપ કો'ક સમજ આપી શકો ખરા ?

ઘનશ્યામ,

**માત્ર આપણાં સુખની જ ચિંતા કરીને જે અટકી જાય છે એનું નામ જો મન છે તો સુખની સાથે જ હિતની પણ ચિંતા કરે છે એનું નામ અંતઃકરણ છે. મન એ જો આપણું મિત્ર છે તો અંતઃકરણ એ આપણું કલ્યાણમિત્ર છે.**

મન કહે છે, સંપત્તિ જોઈએ. અંતઃકરણ કહે છે, સંપત્તિનો સદુપયોગ જોઈએ. મન કહે છે, સુખ મેળવવા પાપો કરવા પડતાં હોય તો ય કરી



લેવા. અંતઃકરણ કહે છે, હિત જોખમાતું હોય તો સુખને છોડીને દુઃખને સ્વીકારી લેવા ય તૈયાર રહેવું.

શું કહું તને ?

લાખ પ્રયાસ પછી ય જીવનને દુઃખમુક્ત રાખવામાં આપણને સફળતા નથી મળી અને નથી મળતી એનું એકમાત્ર કારણ આ જ છે કે આપણને મિત્ર એવા મનની સલાહ ફાવે છે પણ કલ્યાણમિત્ર એવા અંતઃકરણની સલાહ જામતી નથી. સામગ્રીની વાતો કરતું મન આપણને જામે છે પણ સદ્‌બુદ્ધિની વાતો કરતું અંતઃકરણ આપણને ભાવતું નથી.

યાદ રાખજે,

**દુર્જનની વાતને ના પાડવાનું સત્ત્વ દાખવવા તૈયાર થઈ જવું હજી સરળ છે પણ મનની સલાહને અવગણવાનું સત્ત્વ દાખવવું અતિ મુશ્કેલ છે. સજ્જનની વાતમાં સંમત થઈ જવામાં હજી બહુ વાંધો આવતો નથી પણ અંતઃકરણના અવાજને અનુસરવામાં તો ભારે પરાક્રમ દાખવવું પડે છે.** હકીકત આ હોવા છતાં મારે અને તારે, મિત્ર એવા મનને કલ્યાણમિત્ર એવા અંતઃકરણની આજ્ઞામાં ગોઠવી દેવા પ્રયત્નો શરૂ જ કરી દેવા જેવા છે.

## ૫

**મહારાજ સાહેબ,**

જ્યાં પણ હાથ નાખું છું, ત્યાં સફળતા જ મળે છે એમ નહીં, સફળતા મળે જ છે અને આ હિસાબે જ મનમાં ઘણી વાર એવા વિચારો આવી જાય છે કે આ જગતમાં આપણે કોઈની ય જરૂર નથી. જેના પગ મજબૂત હોય છે એણે બીજાનો હાથ પકડવાની જો કોઈ જરૂર હોતી નથી તો પોતાના પુરુષાર્થે જેને સર્વત્ર સફળતા જ હાંસલ થતી હોય એણે બીજાને સાથે રાખવાની જરૂર શી છે ? આપ આ અંગે શું કહો છો ?

જય,

**તું એક કામ કરી જો. તારા હાથની મુટ્ઠી વાળીને પાણીમાં બોળી જો. તને તારી પોતાની ક્ષમતાનો ખ્યાલ આવી જશે. તારું પોતાનું સામર્થ્ય કેટલું છે એનું તને ભાન થઈ જશે. બંધ મુટ્ઠીમાં તું પાણી ટકાવી પણ નહીં શકે અને બંધ મુટ્ઠીના કાણામાંથી બહાર નીકળી જતા પાણીને તું અટકાવી પણ નહીં શકે !**

આટલા બધા કમજોર છીએ આપણે અને છતાં અભિમાન રાખીએ જગત વિજેતા બની ગયા હોઈએ એટલું ? આટલા બધા તાકાતહીન છીએ આપણે અને છતાં ફાંકો રાખીએ વિશ્વવિજેતા હોઈએ એટલો ? આટલા



બધા નપુંસક છીએ આપણે અને છતાં ઊડતા રહીએ આપણે અહંકારના આસમાનમાં ?

શું લખું તને ?

આપણે ઝવેરાતને મૂડી માની બેઠા હોઈએ અને એનો સંગ્રહ કરીને જાતને સલામત બનાવવા પ્રયત્નશીલ બન્યા રહેતા હોઈએ તો એ તો બરાબર છે પણ અહંકારને જો આપણે મૂડી માની બેઠા હોઈએ અને એને ટકાવી રાખવા જાનની બાજી લગાવવા તૈયાર થઈ જતા હોઈએ તો એટલું ખાસ સમજી રાખવાની જરૂર છે કે **આ જગતમાં ફેંકી દેવા જેવી કોઈ એક જ મૂડી હોય તો એ મૂડીનું નામ છે અહંકાર.**

એ મૂડીને ફેંકી દેવાની હિંમત જેણે પણ કરી એ બની ગયો સાચા અર્થમાં શ્રીમંત અને એ મૂડીને જે વધારતો જ ગયો એ સાચા અર્થમાં રહી ગયો દરિદ્ર, દુ:ખી અને કમજોર ! નિર્ણય કરી લેજે તું, તારે શું બન્યા રહેવું છે ?

## ૬

**મહારાજ સાહેબ,**

કોણ જાણે કેમ પણ છેલ્લા કેટલાય સમયથી હું કાંઈ પણ કરું છું, મારા મનમાં એક જ વિચાર રમ્યા કરે છે 'બીજા મારા માટે શું વિચારતા હશે ?' એમાંય ખાસ કરીને સત્કાર્યો કરતી વખતે તો મન આ વિચારે ભયભીત રહ્યા જ કરે છે. આપ જ કહો, આ ભયભીત મનોદશાથી મુક્ત થવા મારે કરવું શું ?

સંજય,

એક વાત તને કરું ? **બીજા તારા માટે શું વિચારે છે, એનો વિચાર તું પછી કરજે, પહેલાં તું પોતે તારા માટે શું વિચારે છે, એ તપાસી લે.** ચાહે તું પરમાત્માની પૂજા કરે છે કે ભિખારીને બે રૂપિયા આપે છે, ચાહે તું અપરાધીને ક્ષમા કરી દે છે કે ધંધામાં જૂઠ બોલવાનું બંધ કરી દે છે, ચાહે તું ટી.વી. જોવાથી દૂર રહે છે કે હૉટલોમાં જવાનું સ્થગિત કરી દે છે, તારા અંતઃકરણને

જ પહેલાં તપાસી લે. આવી બધી પ્રવૃત્તિઓથી એ ખરેખર આનંદિત રહે છે ખરું, પ્રસન્નતા અનુભવે છે ખરું ?

સાચું કહું ?

તને પોતાને જ આવી સત્પ્રવૃત્તિઓ બદલ આનંદ નહીં આવતો હોય એટલે જ તું 'બીજા મારા માટે શું વિચારતા હશે ?' એવા વિચારનો શિકાર બની જતો હોઈશ.

હા, ગલત પ્રવૃત્તિઓના સેવન વખતે તું આ વિચારને મનમાં સ્થાન આપી દે ને ? 'થિયેટરમાં મને જોઈને કે હૉટલોમાં મને જોઈને બીજા મારા માટે શું વિચારતા હશે ? મારા મોઢામાંથી નીકળી રહેલા અપશબ્દો સાંભળીને કે વિજાતીય શરીરને વિકારી નજરથી જોઈ રહેલ મારી આંખોને જોઈને બીજા મારા માટે શું વિચારતા હશે ? ધંધામાં અનીતિ કરતા મને જોઈને કે કોકના પૈસા ડુબાડી દેતા મને જોઈને બીજા મારા માટે શું વિચારતા હશે ?'

સંદેશ સ્પષ્ટ છે. **સત્પ્રવૃત્તિઓના સેવનમાં તારા અંતઃકરણને તું પ્રસન્ન રાખી દે. બીજાના અભિપ્રાયોની પછી ચિંતા નહીં રહે. ગલત પ્રવૃત્તિઓના સેવનમાં બીજાના અભિપ્રાયોની ખાસ ચિંતા કરતો રહે. ગલત પ્રવૃત્તિઓ તું આચરી નહીં શકે.**

૭

**મહારાજ સાહેબ,**

સ્વના સુખ માટે, શાંતિ માટે કે પ્રસન્નતા માટે પુષ્કળ પ્રમાણમાં પુરુષાર્થ કરવા છતાં એમ લાગ્યા કરે છે સફળતા, પુરુષાર્થના પ્રમાણમાં મળતી નથી. બજારની ભાષામાં કહું તો રોકાણની સામે વળતર નહિવત્ જ મળે છે. કારણ શું હશે આની પાછળ ?

વિજય,

મેં એક જગાએ વાંચ્યું હતું કે **'હસો છો ત્યારે તમે પ્રભુને પ્રાર્થના કરો છો; પરંતુ હસાવો છો ત્યારે પ્રભુ તમારા માટે પ્રાર્થના કરે છે'** તેં જે પુછાવ્યું છે એનો આ જ જવાબ છે. તું પુરુષાર્થ તો જબરદસ્ત કરે છે પણ કોના સુખ માટે ? તારા જ ખુદના સુખ માટે ને ? કોની શાંતિ અને પ્રસન્નતા માટે ? તારા જ ખુદની શાંતિ અને પ્રસન્નતા માટે ને ?

બસ, આ 'સ્વ' કેન્દ્રિત પુરુષાર્થ જ તને રોકાણના પ્રમાણમાં વળતર મેળવવા દેતો નથી. પુરુષાર્થના પ્રમાણમાં સફળતા અનુભવવા દેતો નથી. સાચે જ તું જો આના કરતાં અલગ જ પરિણામ અનુભવવા

માગે છે તો કેન્દ્રમાં 'સ્વ'ના સ્થાને 'અન્ય'ને કે 'સર્વ'ને, ગુણીને કે નિર્ગુણીને, કમજોરને કે બહાદુરને મૂકી જો. જે પરિણામ તને અુભવવા મળશે એ તારી કલ્પના બહારનું હશે.

શું કહું તને ?

તું પ્રકૃતિપ્રેમી છે ને ? આખી ય પ્રવૃત્તિમાં તને એક જ ચીજ જોવા મળશે, પરોપકાર ! **સૂર્ય પ્રકાશ આપે છે, વાદળ જળ આપે છે, પુષ્પ સુવાસ આપે છે, વૃક્ષ ફળ આપે છે, નદી પાણી આપે છે, આકાશ જગા આપે છે, ખેતર પાક આપે છે, ચંદન શીતળતા આપે છે, અને તું ? તારા સુખ માટે બીજાને ત્રાસ આપે છે ! તારી શાંતિ માટે બીજાની શાંતિ ઝૂંટવતો રહે છે ! તારી પ્રસન્નતા માટે અન્યની પ્રસન્નતા ખંડિત કરતો રહે છે ! માર ન ખાય તો બીજું થાય શું ?**

અભિગમ બદલી નાખ. પ્રભુને તારા માટે પ્રાર્થના કરવાનું મન થઈ જાય એવી વૃત્તિનો તું સ્વામી બની જા. તારી ઉપસ્થિતિમાત્રથી વાતાવરણમાં તાજગી પ્રસરી જાય એવી વિચારશૈલી અને જીવનશૈલીનો તું સ્વામી બની જા. પછી તારે મારી પાસે આવો પ્રશ્ન લઈને આવવું નહીં પડે !

## ૮

**મહારાજ સાહેબ,**

અનેક જગાએ અનેકવાર વાંચવામાં અને સાંભળવામાં આવ્યું છે કે 'તમે પુરુષાર્થ ગમે તેટલો કરો, તમારા ભાગ્યમાં જો નહીં હોય તો તમને કશું જ નહીં મળે અને તમારું ભાગ્ય જો ચમકતું હશે તો અલ્પ પુરુષાર્થે પણ તમને જે મળતું રહેશે એ તમારી કલ્પના બહારનું હશે' સમજાતું તો મને એ નથી કે ભાગ્ય વધુ તાકાતવાન છે કે પુરુષાર્થ ?

અજય,

એક જ વાક્યમાં તારા પ્રશ્નનો જવાબ આપી દઉં ? **ભાગ્ય પર જેઓ ભરોસો કરતા નથી એમને મદદ કરવાની ભાગ્યને આદત હોય છે. આનો તાત્પર્યાર્થ ? આ જ કે ભાગ્યનું નિર્માણ કરવાની તાકાત પુરુષાર્થમાં છે. જેની પાસે પુરુષાર્થનું પીઠબળ જ નથી એની પાસે ભાગ્ય નામની કોઈ ચીજ હોવાનું સંભવિત જ નથી.**

અલબત્ત, આમાં એક વાત ખાસ સમજી રાખજે કે આજનો પુરુષાર્થ આજે જ ફળદાયક બની જાય એ જરૂરી નથી. જમીનમાં બી વાવવાનો પુરુષાર્થ ખેડૂત ભલે આજે કરે છે પણ પાક

માટે તો એને રાહ જોવી જ પડે છે. પેટમાં ખોરાક માણસ ભલે આજે જ પધરાવે છે પણ એનું લોહી તો કેટલાક સમય પછી જ બને છે. સ્ત્રી ગર્ભધારણ ભલે આજે જ કરે છે પણ પુત્રદર્શન માટે તો એણે નવ મહિનાની રાહ જોવી જ પડે છે.

ટૂંકમાં, **પુરુષાર્થથી જ ભાગ્ય નિર્મિત થાય છે એ વાત જેટલી સાચી છે એટલી આ વાત પણ સાચી છે કે પુરુષાર્થથી નિર્મિત થતું ભાગ્ય આજે જ ફળદાયક નથી બનતું, એના સમયે જ ફળદાયક બને છે.**

પણ સબૂર ! એક વાત આ પણ સમજી રાખજે કે પુરુષાર્થ જો અવળો જ હશે તો એનાથી સવળું ભાગ્ય નિર્મિત નથી જ થવાનું અને પુરુષાર્થ જો સવળો જ હશે તો એનાથી અવળું ભાગ્ય પણ નિર્મિત નથી જ થવાનું !

બાવળિયો વાવીશ, આંબો નહીં જ ઊગે. આંબો વાવીશ, બાવળિયો નહીં જ ઊગે ! કયો પુરુષાર્થ કરવો એનો નિર્ણય તારે કરવાનો છે.

# ૯

**મહારાજ સાહેબ,**

મારા મનની એક નબળી કડીની વાત આપને જણાવું? સારું કરતા રહેવાનું મને મન તો થયા કરે છે, બીજાને સહાયક બન્યા રહેવાની વૃત્તિ મારા મનમાં ધબક્યા તો કરે છે, અપરાધીને ક્ષમા કરી દેવાનો ભાવ પણ મારા હૃદયમાં જીવંત તો રહે છે પણ મુશ્કેલી એ છે કે એ બધાયને અમલી બનાવ્યા પછી જ્યારે **મારાં એ સત્કાર્યોની કોઈ કદર નથી થતી, એ સત્કાર્યો કરવા બદલ મને લોકો તરફથી આદર નથી મળતો ત્યારે હું હતાશાનો શિકાર બની જાઉં છું એ તો ઠીક પણ સત્કાર્યો છોડી દેવાનો વિચાર સુદ્ધાં કરી બેસું છું !** આનાથી બચવાનો કોઈ ઉપાય?

સુજય,

તારા આ પ્રશ્નનો જવાબ આપતા પહેલાં મારા એક પ્રશ્નનો જવાબ તું આપ. જે વૃક્ષની છાયા નીચે બેસીને તું ઠંડકનો અનુભવ કરી રહ્યો છે એ વૃક્ષના થડ પર કોઈની તકતી લાગેલી છે ખરી કે 'અમુક સજ્જને વરસો પહેલાં જમીનમાં

બીજ નાખીને આ વૃક્ષને ઉગાડ્યું છે ?' જે કૂવાના પાણીથી તારો પરિવાર પોતાની તૃષા શાંત કરી રહ્યો છે એ કૂવા પર પણ કોઈ તકતી લાગી છે ખરી કે 'વરસો પહેલાં અમુક સજ્જને આ કૂવાનું નિર્માણ કર્યું છે ?' ના. શું વૃક્ષ પર કે શું કૂવા પર, શું નદી પર કે શું છોડ પર, કોઈ જગાએ તને તકતી જોવા નહીં મળે.

આનો અર્થ ? આ જ કે આદર - કદરની ભૂખ વિનાના સંખ્યાબંધ સજ્જનો આ જગતમાં સત્કાર્યો કરી ગયા છે ત્યારે તો આપણે સહુ આજે પ્રસન્નતાપૂર્વક જીવન જીવી રહ્યા છીએ.

એટલું જ કહીશ તને કે રસગુલ્લાં ખાતાં મસ્તી અનુભવતો માણસ, એ આશા જો નથી જ રાખતો કે હું રસગુલ્લા ખાઈ રહ્યો છું એની સહુએ પ્રશંસા કરવી જ જોઈએ તો સત્કાર્યોનું સેવન કરતાં તું એવી મસ્તી અનુભવતો જા કે તને સત્કાર્યોના એ સેવન બદલ તારા અંતરમાં આદર-કદરની ભૂખ ઊભી જ ન રહે.

યાદ રાખજે. **પ્રશંસા એ સત્કાર્ય-સેવનનું ફળ નથી, પ્રસન્નતા એ જ સત્કાર્ય સેવનનું ફળ છે. તું એ અનુભવતો જા.**

## ૧૦

**મહારાજ સાહેબ,**

'એક પ્રશ્ન મનમાં હથોડાની જેમ ઠોકાયા જ કરે છે 'સુખ એ શું માત્ર શબ્દકોશનો જ વિષય છે ? અનુભવનો એ વિષય જ નથી ? સંપત્તિ તો મળી જાય છે, સુખની આશા સફળ નથી થતી. પત્ની તો મળી જાય છે, સુખની કલ્પના સાકાર નથી થતી. પ્રસિદ્ધિ તો મળી જાય છે, **સુખની ધારણા સફળ નથી થતી. શું સુખ જેવું કાંઈ છે જ નહીં ?'**

સિદ્ધાર્થ,

એક મકાનના દસ દરવાજા છે. એ દસેય દરવાજા પર તાળાં છે અને એ તાળાંઓને ખોલી નાખતી દસ ચાવીઓ તારા હાથમાં જ છે અને છતાં એ તાળાંઓને ખોલી નાખવા તારે આ સાવધગીરી તો રાખવી જ પડે કે જે તાળાની જે ચાવી હોય એ ચાવી તારે એ તાળાને જ લગાવવી પડે. અલગ ચાવીથી અલગ તાળું ખોલવામાં તો તને સફળતા ન જ મળે.

તેં જે પ્રશ્ન પુછાવ્યો છે ને એનો આ જ જવાબ છે. 'સુખ' એ માત્ર શબ્દકોશનો જ વિષય નથી, અનુભવનો વિષય પણ છે જ; પરંતુ મુશ્કેલી એ છે કે માણસ પાસે આ સમજણ નથી કે સમજણની કઈ ચાવીથી સુખનું કયું તાળું ખૂલે છે ?



**મધુર શબ્દપ્રયોગની ચાવીથી સંબંધના સુખનું તાળું જો ખૂલે છે તો પ્રેમની ચાવીથી પ્રસન્નતાના સુખનું તાળું ખૂલે છે. સંતોષની ચાવીથી સ્વસ્થતાના સુખનું તાળું જો ખૂલે છે તો મર્યાદાપાલનની ચાવીથી પવિત્રતાના સુખનું તાળું ખૂલે છે. જતું કરવાની વૃત્તિની ચાવીથી જો 'હાશ' ના સુખનું તાળું ખૂલે છે તો નિર્મળ શ્રદ્ધાની ચાવીથી સાધનાના સુખનું તાળું ખૂલે છે.**

ગણિત સ્પષ્ટ છે.

ચાવી ન હોય તો તો તાળું ન ખૂલે એ તો સમજાય છે પણ ગલત ચાવીથી સાચું તાળું ન ખૂલે એ સમજવું પણ એટલું જ જરૂરી છે. સમ્યક્ સમજ વિના સુખ ન અનુભવાય એ તો સમજાય છે પણ સમ્યક્ સમજનો ઉપયોગ પણ કયા ક્ષેત્રમાં કરવો એનો વિવેક ન હોય તો ય સુખ નથી અનુભવી શકાતું. સાવધાન !

૧૧

**મહારાજ સાહેબ,**

વર્તમાનમાં બધા જ પ્રકારની અનુકૂળતાઓ હોવા છતાં ભૂતકાળમાં મેં જે કષ્ટો વેઠ્યા છે એની સ્મૃતિએ મનમાં એક જાતનો અંજપો રહ્યા કરે છે કે ભવિષ્યમાં એ જ કષ્ટો પાછા લમણે તો નહીં ઝીકાય ને ? મન સતત ભયભીત રહ્યા કરે છે. આમાંથી બહાર નીકળવાનો કોઈ ઉપાય ?

વિપુલ,

ભૂતકાળ એ મૃત છે અને ભવિષ્યકાળ એ અજાત છે. જીવંત હોય તો એક માત્ર વર્તમાનકાળ જ છે. અને તું મૂર્ખાઈ એ કરી રહ્યો છે કે મૃત એવા ભૂતકાળને સ્મૃતિપથ પર રાખતા રહીને અને અજાત એવા ભવિષ્યકાળ માટે ગલત કલ્પનાઓ કરતા રહીને જીવંત એવા વર્તમાનકાળને બરબાદ કરી રહ્યો છે.

યાદ રાખજે આ વાત કે **જે સતત ભૂતકાળને જ વાગોળ્યા કરે છે અને ભવિષ્યમાં જ આળોટ્યા કરે છે**

**એનો વર્તમાન ત્રાસદાયક બનીને જ રહે છે.**

એક બીજી વાત કરું તને ?

**માણસનો જેટલો સમય ભૂતકાળની યાદોમાં જ પસાર થતો રહે છે, વર્તમાનના સદુપયોગનો સમય એની પાસે ઓછો રહે છે, પરિણામ ? ભાવિ એનું અંધકારમય બનીને જ રહે છે.**

અધ્યાત્મની ભાષામાં તને વાત કરું તો સમય માત્ર વર્તમાનરૂપ જ છે. ભૂતકાળ જેવી કોઈ ચીજ જો નથી તો ભવિષ્ય કાળ જેવી કોઈ ચીજ નથી. તારે જે પણ કરવાનું છે એ વર્તમાન સમયમાં જ કરવાનું છે અને વર્તમાન સમય સાથે જ કરવાનું છે. સ્મૃતિરૂપે મનમાં આવતો ભૂતકાળ એ પણ જો વર્તમાન સમય જ છે તો કલ્પનારૂપે આવતો ભવિષ્યકાળ એ પણ સમય જ છે.

શું કહું તને ?

તું વર્તમાન સમયના પુલ પર છે. જો તારે આગળ વધવું જ છે તો પુલની નીચે રહેલ ભૂતકાળનાં પાણી પર દૃષ્ટિને કેન્દ્રિત કરવાની જરૂર નથી. પુલની ઉપર દેખાતા ભવિષ્યકાળનાં આકાશ પર પણ દૃષ્ટિને કેન્દ્રિત કરવાની જરૂર નથી.

# ૧૨

**મહારાજ સાહેબ,**

દુઃખ સાથે આપની પાસે કબૂલાત કરું છું કે જગતની દૃષ્ટિએ ભારે સફળ ગણાતો હું અંદરથી બિલકુલ ખોખલો થઈ ગયો છું. કોથળો ઊભો છે જરૂર પણ એમાં ઘઉં નથી, કાંકરા જ છે. ચહેરા પર ચમક દેખાય છે ખરી પણ અંતઃકરણ જાણે કે મરી જ ગયું છે. જીવન જીવવાનો ઉત્સાહ જાણે કે મરી પરવાર્યો જ છે. કારણ શું હશે આની પાછળ ?

પ્રેમ,

એક જ કારણ. **તારી પાસે સંવેદના નથી, કેવળ વેદના જ છે. તારી પાસે સંબંધ નથી, કેવળ સંપર્ક જ છે. તારી પાસે સંતોષ નથી, કેવળ સામગ્રી જ છે.**

તું પૂછીશ, ફરક શું છે સંવેદનામાં અને વેદનામાં ? બહુ મોટો ફરક છે. અન્યનાં દુઃખે વ્યથા અનુભવવી એ છે સંવેદના અને માત્ર પોતાનાં જ દુઃખે વ્યથા અનુભવવી એનું નામ છે વેદના !



તું પૂછીશ, સંબંધ અને સંપર્કમાં શું ફરક છે ? બહુ મોટો ફરક છે. વ્યક્તિઓને દૂધમાં ભળી જતાં પાણીની જેમ મળવું એ છે સંબંધ અને તેલ પર પાણીની જેમ મળતા રહેવું એનું નામ છે સંપર્ક.

તું પૂછીશ, શું ફરક છે સંતોષ અને સામગ્રી વચ્ચે ? બહુ મોટો ફરક છે. સંતોષ એ અંદરથી અનુભવાતો આનંદ છે અને સામગ્રી એ બહારથી મળતું સુખ છે.

ટૂંકમાં, **સંવેદના, સંબંધ અને સંતોષ એ ત્રણેયનું પોત છે કૂવામાંનાં પાણી જેવું જ્યારે વેદના, સંપર્ક અને સામગ્રી એ ત્રણેયનું પોત છે હોજમાંનાં પાણી જેવું. કૂવામાં પાણી નીચેથી આવે છે જ્યારે હોજમાં પાણી ઉપરથી નાખવું પડે છે.**

દુઃખદ આશ્ચર્ય તો એ થાય છે કે તું નામ 'પ્રેમ' નું લઈને બેઠો છે અને જીવનમાં પ્રેમની સ્મશાનયાત્રા કાઢીને બેઠો છે ! સ્વસ્થ-મસ્ત અને પ્રસન્ન બન્યા રહેવું છે ? એક કામ કર. સંપત્તિને, સફળતાને અને બુદ્ધિને બહુ વજન આપવાનું બંધ કરી દે. જોજે, પરિણામ કેવું ચમત્કારિક આવીને ઊભું રહે છે ?

## ૧૩

**મહારાજ સાહેબ,**

મનને એકદમ મજબૂત બનાવી દેવામાં સફળતા મળી ગયા પછી પણ ગલત નિમિત્તોથી દૂર જ રહેવું જોઈએ એ જરૂરી ખરું ? દાવાનળને જો પવનથી ડરવાનું હોતું નથી તો મજબૂત મનવાળાએ ગલત નિમિત્તોથી પણ ડરતા રહેવાનું ન જ હોવું જોઈએ ને ?

કાન્ત,

**બરફ મજબૂત ક્યાં સુધી ? એને ગરમી નથી મળી ત્યાં સુધી ! બિલાડી ડાહી ક્યાં સુધી ? એની આંખ સામે ઉંદર નથી આવ્યો ત્યાં સુધી ! પાણીનું સીધું વહેવાનું ક્યાં સુધી ? એની સામે ઢાળ નથી આવ્યો ત્યાં સુધી ! બસ, એ જ ન્યાયે મન ડાહ્યું-ડમરું ક્યાં સુધી ? જ્યાં સુધી એની સામે પ્રલોભન નથી આવ્યું ત્યાં સુધી !**

એક વાત તું આંખ સામે રાખજે કે રાક્ષસને સમજવો સરળ છે, અગ્નિને સમજવામાં વાંધો આવે તેમ નથી, સાકરના



ગુણધર્મને સમજી લેવામાં ય તકલીફ પડે તેમ નથી પણ, મન ? એને હું અને તું તો શું, અચ્છા અચ્છા બુદ્ધિમાનો પણ સમજી શક્યા નથી અને જબરદસ્ત સાધકો પણ સમજી શક્યા નથી.

તને સમજાય તેવી ભાષામાં કહું તો મનનું પોત દુશ્મનનું છે, તું કુનેહપૂર્વક એની પાસે મિત્રકાર્ય કરાવી લે એ વાત જુદી છે. મન આગનું પ્રતિનિધિત્વ ધરાવે છે. તું હોશિયારીથી એની પાસે બરફકાર્ય કરાવી લે એ વાત જુદી છે. મન તલવારની ગરજ સારે તેવું છે, તું તારી કળાથી એની પાસે કોમળકાર્ય કરાવી લે એ વાત જુદી છે.

એક મહત્ત્વની વાત,

**આંધળાએ દેખતાના માર્ગદર્શનને જો પડકારવાની ભૂલ કરવા જેવી નથી તો મારા-તારા જેવા અલ્પજ્ઞએ અનંતજ્ઞાનીઓની ચેતવણીને ચેલેન્જ કરવાની બેવકૂફી કરવા જેવી નથી. મારું અને તારું હિત એમાં જ અકબંધ છે.**

## ૧૪

**મહારાજ સાહેબ,**

પશુજગત સામે જ્યારે નજર કરું છું ત્યારે એક વાત મને સ્પષ્ટ દેખાય છે કે એ જગતમાં કોઈ નિયમ પણ નથી અને બંધન પણ નથી અને છતાં સહુ મજામાં છે. કૂતરાઓ મજામાં છે, વાંદરાઓ જલસા કરે છે, ડુક્કરો આનંદમાં છે, આખલાઓ રસ્તાઓ પર બિન્ધાસ્ત ફરે છે. જ્યારે માનવજગત જાણે કે ઉઠમણામાં જ બેઠું છું. આપને નથી લાગતું કે નિયમોએ અને બંધનોએ જ માનવજગતને આ કફોડી હાલતમાં મૂકી દીધું છે ?

પ્રશાન્ત,

હું તને જ પૂછું છું, **ક્રિકેટની મૅચમાં અમ્પાયર ન હોય એ હજી ચાલી જાય એ બને ખરું ? ક્રિકેટની મૅચમાં એક પણ નિયમ ન હોય એ ય ચાલી જાય એ બને ખરું ? ના. નિયમો વિનાની રમત ન હોય અને નિયમોનું ચુસ્તપણે પાલન કરાવનાર કોક વ્યક્તિનું બંધન ન હોય એ ન જ ચાલે.**

**જો કોઈ પણ રમતને નિયમ અને બંધન, બંને ય હોવા જ જોઈએ તો પછી જીવન શું નિયમ અને બંધન વિનાનું હોવું જોઈએ ?** જવાબ આપ.

રસ્તા પર સિગ્નલની વ્યવસ્થા ન હોય અને પોલીસની ઉપસ્થિતિ ન હોય તો થાય શું ? કાયદાના નિયમો ન હોય અને દંડની જોગવાઈ ન હોય તો થાય શું ? બંધારણના નિયમો ન હોય, સુપ્રીમ કોર્ટની વ્યવસ્થા પણ ન હોય તો થાય શું ? સમાજના નિયમો ન હોય અને વડીલોનાં બંધન ન હોય તો થાય શું ?

તું પશુજગતની મસ્તીની વાત કરે છે ? જે કૂતરાના ગળે પટ્ટાનું બંધન હોય છે એ કૂતરો મોતનો શિકાર થતો બચી જાય છે જ્યારે જે કૂતરો રસ્તા પર છુટ્ટો રખડતો હોય છે એને મ્યુનિસિપાલિટીના માણસો આવીને પકડી જાય છે અને રિબાવી રિબાવીને મારી નાખે છે એ તારા ખ્યાલમાં નથી ?

એક વાત પૂછું તને ? મજા માણવા માટે તું આ ભવમાંથી સીધો પશુજગતમાં જવા તૈયાર ખરો ?

## ૧૫

**મહારાજ સાહેબ,**

સમજાતું તો એ નથી કે 'નજીકવાળાની ઉપેક્ષા અને દૂરવાળા પર પ્રેમ' મનનું આવું વલણ કેમ બની ગયું છે મારું ? નજીકવાળાનો અતિ પરિચય એ આમાં કારણ હોઈ શકે ખરું ? નજીકવાળા પ્રત્યે મારી વધુ પડતી અપેક્ષા એ પરિબળ આમાં જવાબદાર હોઈ શકે ખરું ? કશું જ સમજાતું નથી.

વિક્રાન્ત,

**એમ તો પૈસા સાથેય તારો અતિ પરિચય છે જ ને ? એના પ્રત્યે તારા મનમાં ક્યારેય નારાજગી ઉત્પન્ન થઈ ખરી? એમ તો શરીર સાથેનો તારો પરિચય પણ ગાઢ જ છે ને ? તારા મનમાં એના પ્રત્યે ક્યારેય વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો ખરો? એમ તો મારી સાથે પણ તારે વરસોનો પરિચય છે જ ને ? મારા પ્રત્યે તારા મનમાં દુર્ભાવ ઉત્પન્ન થયો ખરો ?**

એમ તો પૈસા માટે અને શરીર માટે ય તારા મનમાં જાતજાતની અપેક્ષાઓ હોય જ છે ને ? એ ન સંતોષાતા તું એમનાથી વિમુખ થઈ ગયો ખરો ? મારા પ્રત્યેની તારી અપેક્ષા પૂર્ણ ન થતાં તું મારાથી દૂર થઈ ગયો ખરો ?

ના. નજીકવાળા પ્રત્યે ઉપેક્ષા કરવાનું મનનું વલણ, મને પૂછે તો બિલકુલ સાહજિક છે. એના કોઈ પણ કારણને તું સાચું પુરવાર નહીં કરી શકે પણ મનનું આ ખતરનાક વલણ જ મનને અશાંત અને જીવનને વેરવિખેર કરનારું બની રહે છે એ હકીકત તારે સતત આંખ સામે રાખવાની જરૂર છે.

આંખ તારી નજીક છે, એને જો તું સાચવતો જ રહે છે, હૃદય તારી એકદમ નજીક છે, એના પ્રત્યેક ધબકારની ચિંતા તું જો કરતો જ રહે છે તો તારો પરિવાર તારી એકદમ નજીક છે, એની અવગણના કરતા રહેવાની બાલિશતા તારાથી દાખવી જ શી રીતે શકાય ?

યાદ રાખજે, **નજીકવાળાને જે પ્રેમ-વાત્સલ્ય અને સ્નેહ આપી શકે છે, પ્રભુ એના નજીકવાળા બની ગયા વિના રહેતા નથી. પ્રભુને તારી નજીક બોલાવી લેવા છે ? નજીકવાળાને તું સાચવતો જ જા !**

## ૧૬

**મહારાજ સાહેબ,**

મનમાં ત્રણ પરિબળો પ્રત્યે જબરદસ્ત આકર્ષણ છે. સુખ પ્રત્યે, સફળતા પ્રત્યે અને સંપત્તિ પ્રત્યે. સમસ્યા જીવનમાં એ સર્જાઈ છે કે આ તમામ પરિબળોની ઠીક ઠીક પ્રમાણમાં ઉપલબ્ધિ પછી પણ જીવનમાં જે પ્રસન્નતા અનુભવાવી જોઈએ એ પ્રસન્નતા ગાયબ છે. શું કારણ હશે આની પાછળ ?

વિક્રમ,

**સુખી બનવું સરળ છે, સફળ બનવું સરળ છે, શ્રીમંત બનવું સરળ છે, સભ્ય બનવું સરળ છે, હિંમત કરીને આગળ વધીને કહું તો સાધુ બનવું પણ સરળ છે પણ સંવેદનશીલ બન્યા રહેવું એ સૌથી વધુ કઠિન છે.** અને હકીકત એ છે કે પ્રસન્નતાની અનુભૂતિને કોઈ એક જ પરિબળ સાથે સંબંધ હોય તો એ પરિબળનું નામ છે સંવેદનશીલતા.

હું વ્યક્તિજગતના ક્ષેત્રની વાત નથી કરતો, વસ્તુજગતના ક્ષેત્રની પણ તને વાત કરું ને તો ત્યાં ય આ જ વાસ્તવિકતા છે.

જીભ સંવેદનહીન બની જાય છે ત્યારે મિષ્ટાન્નમાં પણ કોઈ સ્વાદ આવતો નથી અને કાન સંવેદનહીન બની જાય છે ત્યારે કર્ણપ્રિય સંગીત પણ બેકાર લાગે છે. નાક સંવેદના ગુમાવી બેસે છે ત્યારે અત્તર પણ મૂલ્યહીન બની જાય છે અને સ્પર્શનેન્દ્રિય બુઠ્ઠી થઈ જાય છે ત્યારે ડનલોપની ગાદી પણ કસ વિનાની લાગે છે.

વસ્તુજગતની પણ જો આ જ વાસ્તવિકતા હોય તો વ્યક્તિ જગત માટે તો પૂછવું જ શું ? સંવેદનહીન હૃદય નથી તો મિત્રની ઉપસ્થિતિમાં પ્રસન્નતા અનુભવી શકતું કે નથી તો માબાપના સાંનિધ્યમાં ગદ્‌ગદતા અનુભવી શકતું. અરે, પરમ કરુણાના સાગર પ્રભુનાં દર્શને પણ એ નથી ઝંકૃત થઈ શકતું.

તેં જે પુછાવ્યું છે ને, એનો આ જ જવાબ છે. સુખ છે, સફળતા છે, સંપત્તિ છે પણ સંવેદના નથી તારી પાસે અને એના જ કારણે પ્રસન્નતાએ તારાથી સલામત અંતર રાખી દીધું છે. બન્યા રહેવું છે સંવેદનશીલ ? અહંકારને ‘આવજો’ કહી દે !

## ૧૭

**મહારાજ સાહેબ,**

આવક ઓછી થઈ ગઈ છે, મોંઘવારી વધી ગઈ છે, મિત્રો દૂર થઈ રહ્યા છે, શરીર પણ શિથિલ થતું ચાલ્યું છે. પરિસ્થિતિમાં જો કોઈ જ ફેરફાર નહીં થાય તો મને એમ લાગે છે કે કાં તો હું પાગલ બની જઈશ અને કાં તો હું આત્મહત્યા કરી બેસીશ. આપ કંઈક નક્કર માર્ગદર્શન આપો એમ હું ઇચ્છું છું.

પ્રશમ,

**આ જગતમાં ૩/૪ ઉપરાંત જીવો કેવી રીતે જીવી રહ્યા છે એ એકવાર તું જાણી લે. ખાતરી સાથે કહું છું કે તને તારા એક પણ દુઃખ કે તકલીફ અંગે ફરિયાદ કરવાનું મન નહીં થાય.**

એ જગતમાં કેટલાય પુત્રો એવા છે કે જેમનાં માબાપ હયાત નથી. એ જગતમાં કેટલાંય માબાપો એવા છે કે જેઓએ પોતાના યુવાન પુત્રોને સ્મશાનમાં પોઢી ગયેલા જોયા છે. એ જગતમાં કેટલાય કુટુંબો એવા છે કે જેમની પાસે એક ટંકના ભોજનના વાંધા છે.

રોગ છે પણ દવા નથી, જીવન છે પણ મકાન નથી, જિંદગી છે પણ સ્વજન નથી, હોશિયારી છે પણ નોકરી નથી અને અક્કલ છે પણ ભણતર નથી, આંખ છે પણ દૃષ્ટિ નથી, મન છે પણ બુદ્ધિ નથી અને પગ છે પણ શક્તિ નથી. આવા જીવોની સંખ્યા પણ એ જગતમાં પાર વિનાની છે.

ક્યારેક તો એવાં સ્થાનોની મુલાકાત તું લેતો રહે ! ક્યારેક તો એવા જીવો વચ્ચે જઈને તું એકાદ દિવસ રહેતો જા ! ક્યારેક તો એવા જીવોની તકલીફો એમના મુખે સાંભળતો જા ! ખાતરી સાથે તને કહું છું કે તારા પર અત્યારે જે પણ તકલીફો છે એ તને મૂલ્યહીન - તુચ્છ લાગ્યા વિના નહીં રહે !

એક પ્રયોગ તું શરૂ કર.

**તારા માથા પરની દુનિયા તરફની તારી નજરને હટાવી દઈને તારા પગ નીચે રહેલ દુનિયા પર એ નજરને ગોઠવી દે. તને એમ લાગશે કે પ્રભુએ જ્યારે મારા પર આટલી બધી મહેરબાની વરસાવી છે ત્યારે શા માટે મારે પ્રભુને ધન્યવાદ ન આપવા ?**

૧૮

**મહારાજ સાહેબ,**

મનમાં એક અજંપો સતત રહ્યા કરે છે કે હું જે પણ ક્ષેત્રમાં જાઉં છું ત્યાં મારી લાયકાત પ્રમાણે મને નથી મળતું એ તો ઠીક પણ મારા અધિકાર જેટલું ય મને નથી મળતું. ઑફિસની વાત નથી કરતો, ઘરમાં મારું સ્થાન એક પુત્ર તરીકેનું છે પણ પપ્પા તરફથી એક પુત્રને જે અધિકારો મળવા જોઈએ એ અધિકારોથી ય વંચિત રહેવું પડે છે મારે. આપ જ કહો. અધિકારો માટે મારે લડત ચલાવવી કે નહીં ?

વિનય,

**કર્તવ્ય કરતાં અધિકારની બોલબાલા જ્યાં વધુ છે એવી આ એકવીસમી સદી સાચે જ ડાહ્યા અને સમજુ માણસો માટે વસમી સદી પુરવાર થઈ રહી છે.** હું બીજાની વાત નથી કરતો, તારી જ વાત કરું છું.

તું તારા અધિકારો પ્રત્યે જેટલો સભાન છે એટલો જ સભાન તારા કર્તવ્ય પ્રત્યે છે ખરો ? અધિકાર મુજબ તને મળવું જ જોઈએ એવો તારો જેટલો આગ્રહ છે એટલો જ આગ્રહ કર્તવ્યનું પાલન મારે કરવું જ જોઈએ એ બાબતનો ખરો ?



સાચું કહું ?

અંતઃકરણ બદલાતાં જ જેમ આચરણ બદલાવા લાગે છે તેમ કર્તવ્યનું પાલન થતાં જ અધિકારની પ્રાપ્તિ થવા લાગે છે. પણ આ સદી તો બુદ્ધિજીવીઓની સદી છે ને ? ત્યાં હવામાં એક જ વાત છે, અધિકારોની !

**પિતાજી ઇચ્છે છે મને 'બાપ' તરીકેના અધિકારો મળવા જ જોઈએ અને દીકરો કહે છે, મને 'પુત્ર' તરીકેના અધિકારો મળવા જ જોઈએ. જ્યાં બધા ભિખારીઓ જ ભેગા થયા હોય ત્યાં જો શાંતિ સંભવિત નથી તો જ્યાં બધા અધિકાર માગવાવાળા જ ભેગા થયા હોય ત્યાં પ્રસન્નતા ય સંભવિત નથી.**

તું મનને અજંપામુક્ત બનાવવા માગે છે ને ? જે પણ ક્ષેત્રમાં તું હોય, એ ક્ષેત્રને અનુરૂપ કર્તવ્યોનું પાલન તું કરતો જા. અજંપાનું સ્થાન પ્રસન્નતા લઈને જ રહેશે.

## ૧૯

**મહારાજ સાહેબ,**

મુશ્કેલી જીવનમાં એ આવી રહી છે કે પ્રવૃત્તિ હું કોઈ પણ કરું છું, બધાયને અને ખાસ કરીને તો નજીકવાળાને એ પ્રવૃત્તિ પસંદ નથી જ આવતી. ધર્મ કરું છું, પત્નીને નથી ગમતું. પિક્ચરો જોઉં છું, મમ્મીને નથી ગમતું. પૈસા પાછળ દોડું છું, પપ્પાને નથી ગમતું. રજાના દિવસે ઘરમાં રહું છું, મિત્રો નારાજ રહે છે. શું કરું ? સમજાતું નથી.

દીપક,

**આ સંસારમાં આજ સુધીમાં એક પણ માણસ એવો પાક્યો નથી કે જે પોતાની પ્રવૃત્તિઓથી તમામ માણસોને પ્રસન્ન રાખી શક્યો હોય.** હું બીજાની વાત નથી કરતો. મારી પોતાની વાત કરું તો હું સાધુ બન્યો ત્યારે ય મારાથી ઘણાં લોકો નારાજ હતા ! હું ગુંડો બનવાના માર્ગે તો નહોતો જઈ રહ્યો ને ? હું કોઈને દુઃખી બનાવવા તો તત્પર નહોતો બની રહ્યો ને ? હું કોઈના સુખમાં પ્રતિબંધક તો નહોતો બની રહ્યો ને ? તો ય

મારાથી કેટલાક લોકો એ હદે નારાજ હતા કે હું સાધુ ન બની જાઉં એ માટે તેઓએ એમનાથી થાય એટલા તમામ હલકટ કોટિના પ્રયાસો પણ કરી લીધા હતા !

આ વાસ્તવિકતા પરથી એક બોધપાઠ એ લેવાનો છે કે તમે કાંઈ પણ કરો, સારું કે ખરાબ, એનો વિરોધ કરનારા તમને મળી જ રહેવાના છે. તમારે એક જ ધ્યાન રાખવાનું છે કે શિષ્ટ પુરુષોમાં જે પ્રવૃત્તિ નિંદ્ય ગણાતી હોય, ત્યાજ્ય ગણાતી હોય, ઔચિત્યના ભંગરૂપ ગણાતી હોય એ પ્રવૃત્તિ તમારે સ્થગિત કરી દેવાની છે.

બાકી, એક વાત તો નિશ્ચિત છે કે જે પણ વ્યક્તિ સહુના સારા અભિપ્રાયો માટે જ જીવવાનું જ્યારે શરૂ કરે છે ત્યારે એના વિકાસનો મૃત્યુઘંટ વાગીને જ રહે છે.

શું કહું તને ?

**સારા અભિપ્રાયની પરવા કરવાને બદલે સારી વ્યક્તિના અભિપ્રાયની પરવા કરવા લાગ. તારી મૂંઝવણ દૂર થઈને જ રહેશે.**

## ૨૦

**મહારાજ સાહેબ,**

આપ તો સાધુજીવન અંગીકાર કરી બેઠા છો એટલે શક્ય છે કે આપને અમારા સંસારમાં અત્યંત વિલાસી વાતાવરણની કોઈ જ ખબર ન હોય; પરંતુ એક જ વાક્યમાં કહેવું હોય તો એમ કહી શકાય કે સંસાર પતનનો પર્યાયવાચી શબ્દ બની ગયો છે. કોઈ પણ સ્થળે જાઓ, પતન જાણે કે ડાચું ફાડીને જ ઊભું છે. કોઈ સમાધાન ?

કલ્પક,

**જંગલમાં જ રહેનારે જેમ જંગલી પશુઓના હુમલાઓને ખાળતા રહીને જાતને સુરક્ષિત રાખી દેવાની કળા હાથવગી રાખવી જ પડે છે તેમ સંસારમાં રહેનારે પતનનાં નિમિત્તો વચ્ચે પોતાની પવિત્રતાને સુરક્ષિત રાખી દેવાની કળા આત્મસાત્ કરી લેવી જ પડે છે.**

બાકી એક વાત ખાસ સમજી રાખવા જેવી છે કે પતન બહારથી નથી થતું, અંદરથી થાય છે. આનો અર્થ ? આ જ કે પતનનાં બાહ્ય નિમિત્તો ગમે



તેટલા હાજર હોય પણ મન જો અંદરથી પતિત થવા તૈયાર નથી તો તાકાત નથી એ નિમિત્તોની કે એ આત્માનું પતન કરીને જ રહે.

સંમત છું તારી આ વાત સાથે કે સંસાર એ પતનનો પર્યાયવાચી શબ્દ બની ગયો છે. દરેક સ્થાને પતનનાં નિમિત્તો ડાચું ફાડીને ઊભા છે. પણ એનો અર્થ એ નથી કે તારે એ દરેક નિમિત્તોની અસર લેતા રહીને પતિત થતા જ રહેવું.

એક પ્રશ્ન પૂછું તને ? એમ તો આ સંસારમાં સારાં નિમિત્તો પણ છે. એ નિમિત્તોની વચ્ચે તું અવારનવાર જતો પણ રહે છે છતાં એ નિમિત્તોને પામીને તું ઉત્થાનના માર્ગે આગળ ધપતો કેમ નથી ? એક જ કારણ ! એ નિમિત્તોની અસર લેવા તારું મન તૈયાર નથી !

સંદેશ સ્પષ્ટ છે. **વાત ચાહે પતનની હોય કે ઉત્થાનની. એ અંદરથી જ આવે છે, બહારથી નહીં. તારું મન જે ચાહતું હશે એ બનીને જ રહેશે. ચાહે પતન કે ચાહે ઉત્થાન !**

## ૨૧

**મહારાજ સાહેબ,**

જીવનનું એક લક્ષ્ય બનાવી દીધું છે, સફળ બન્યા રહેવું. ક્ષેત્ર ચાહે રમતગમતનું હોય કે બજારનું હોય, વાતચીતનું હોય કે સંબંધનું હોય, શિક્ષાનું હોય કે સાધનાનું હોય, નિષ્ફળતા તો લમણે ન જ ઝીંકાવી જોઈએ. આપ આ અંગે શું કહો છો ?

વિક્રાન્ત,

**જે બાહ્ય સફળતા, અંદરની સરસતાનું બલિદાન લઈ લેતી હોય એવી સફળતાને 'ના' પાડી દેવાની હિંમત તું કેળવીને જ રહેજે.** સંપત્તિ મળી જાય અને પ્રસન્નતા ગાયબ થઈ જાય, મિત્રો વધતા જાય અને સ્વજનો દૂર થતા જાય, સામગ્રી વધતી જાય અને શાંતિ છૂ થતી જાય, પ્રસિદ્ધિ મળતી જાય અને શુદ્ધિ રવાના થતી જાય, આવી તમામ પ્રકારની સફળતાથી તારી જાતને તું બચાવતો જ રહેજે.

શું કહું તને ?

ચશ્માંને સાચવવાના અને આંખોની ઉપેક્ષા કરતા રહેવાની ? બૂટને સાચવી લેવાના અને પગનું ધ્યાન જ



નહીં રાખવાનું ? મકાનને સાચવી લેવાનું અને માલિકની નોંધ પણ નહીં લેવાની ? મનને બહેલાવતા રહેવાનું અને અંતઃકરણના અવાજને સાંભળતા રહેવાની બાબતમાં બધિર જ બન્યા રહેવાનું ? સફળ બન્યા રહેવા જીવનના કીમતી શ્વાસો વેડફતા રહેવાના અને સરસતાની નોંધ સરખી પણ નહીં લેવાની ?

હું ઈચ્છું છું કે આવી બાલિશતાનો શિકાર તું ન જ બને. **માલ બચી જાય અને માલિક રવાના થઈ જાય એ કરુણતા કરતાં ય સફળતા મેળવવા જતાં સરસતાનું બલિદાન લેવાઈ જાય એ કરુણતા અનેકગણી વધુ ભયંકર છે.** કારણ કે પહેલી કરુણતા એ જો ઈતિહાસની ભૂલ બની રહે છે તો બીજી કરુણતા એ જીવનના ગણિતની ભૂલ બની રહે છે. ઈતિહાસની ભૂલ આખા ઈતિહાસને ખોટો નહીં ઠેરવી શકે, ગણિતની ભૂલ આખા દાખલાને ખોટો પાડી દેશે.

સાવધાન !

## ૨૨

**મહારાજ સાહેબ,**

સફળતાના એ શિખરે અત્યારે હું પહોંચ્યો છું કે જ્યાં આજે મારી હરોળમાં ઊભા રહી શકે એવું કોઈ જ નથી. માર્ગદર્શન મારે આપની પાસેથી એ જોઈએ છે કે એવું હું શું કરતો રહું કે જેના કારણે મારી આ સફળતાને ક્યારેય પણ કોઈ પડકારી જ ન શકે ?

અપરાજિત,

કોકનો પત્ર ગલત સરનામા પર પહોંચી જાય અને એ પત્રનો જવાબ આપવાનું એ વ્યક્તિ માટે જેટલું મુશ્કેલ બની રહે એટલું જ મુશ્કેલ તારા પ્રશ્નનો જવાબ આપવાનું મારા માટે બની રહ્યું છે. કારણ કે **તું જેને સફળતા માને છે એનું મૂલ્ય મારે મન પાણીમાં પેદા થઈ ગયેલ પરપોટાથી જરાય વધુ નથી. હવે એ પરપોટો બે મિનિટ ટકી રહે કે બે વરસ ટકી રહે, મારે શું સંબંધ છે એની સાથે ?**

છતાં તેં જ્યારે સફળતાને ચિરસ્થાયી રાખવા અંગે માર્ગદર્શન માગ્યું જ છે ત્યારે મારે તને એ અંગે કંઈક તો કહેવું જ છે. તને ખ્યાલ છે ? **સૂરજ અને ચન્દ્ર બંને આકાશમાં પ્રકાશે તો છે પણ સૂરજ બદમાસી એ કરે છે કે પોતે જ્યારે પ્રકાશતો હોય છે ત્યારે ગ્રહ, નક્ષત્ર અને તારાઓને એ બિલકુલ પ્રભાવહીન બનાવી દેતો હોય છે જ્યારે ચન્દ્ર ઉદારતા એ કરે છે કે પોતાની સાથે એ ગ્રહ, નક્ષત્ર અને તારાઓને ય પ્રકાશવાની છૂટ આપે છે.**

તું લખે છે 'હું અત્યારે સફળતાના એ શિખરે છું કે જ્યાં મને કોઈ પડકારી શકે તેમ નથી.' આનો અર્થ ? આ જ કે તું સૂરજ બની ગયો છે. તારી સફળતા આગળ તેં બીજાઓની સફળતાઓને પ્રભાવહીન બનાવી દીધી છે ! ઘોઈ પીવાની છે આ સફળતાને ?

યાદ રાખજે કે સૂરજને 'દાદા' ની ઉપમા મળી છે જ્યારે ચન્દ્રને 'મામા'ની ! વ્યવહારમાં ગલીના ગુંડાને ય લોકો દાદો કહેતા હોય છે અને સરળને લોકો 'મામો' કહેતા હોય છે. નક્કી કરી દેજે તું, દાદો બનવું છે કે મામો ?

## ૨૩

**મહારાજ સાહેબ,**

ખબર નથી પડતી પણ કોણ જાણે કેમ, મન ડરનું જાણે કે શિકાર બની ગયું છે. સંયોગો સાનુકૂળ હોય છે તોય ડર લાગ્યા કરે છે, સામગ્રી પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે તો ય ડર લાગ્યા કરે છે અને સત્ત્વ પ્રચંડ હોય છે તો ય ડર લાગ્યા કરે છે. આ ડરને કારણે જીવન જાણે કે ઘઉં વિનાના કોથળા જેવું બની ગયું છે. ધર્મારાધનાના ક્ષેત્રે તો હું માર ખાઈ જ રહ્યો છું પરંતુ સંસારના ક્ષેત્રે ય મારી હાલત દયનીય બની ગઈ છે. કોઈ સમાધાન ?

અભય,

એક વાત કહું તને ? ઘેટા સમૂહમાં હોય છે ને તો ય કાયર હોય છે અને સિંહ એકલો હોય છે તો ય બહાદુર હોય છે ! એટલું જ કહેવું છે તને મારે કે **આખી જિંદગી ડરના ઘેટા બન્યા રહેવા કરતાં એક દિવસ હિંમતના સિંહ બની જવું વધુ સારું છે.** અને ડરનું એક વિચિત્ર ગણિત એવું છે કે પહેલાં ડરને આપણે આપણા મનમાં સ્થાન આપીએ છીએ અને પછી ડર આપણા મનમાં સ્થાન જમાવી બેસે છે.

આનો અર્થ ? **આ જ કે ડર શરૂઆતમાં મનમાં મુલાકાતી તરીકે આવે છે. આપણે એને સ્થાન આપીએ છીએ એટલે એ મહેમાન બનીને ગોઠવાઈ જાય છે અને પછી એક દિવસ એવો આવે છેકે માલિક બનીને એ મનનો કબજો જમાવી બેસે છે.**

તેં તારી જે મૂંઝવણ જણાવી છે ને, એનાં મૂળમાં આ જ છે. તારું મન તારું નથી રહ્યું, ડરનું બની ગયું છે. એ તને જેમ નચાવે છે એમ તું નાચતો રહે છે. છતાં આમાંથી તું ધારે એ ઘડીએ બહાર નીકળી શકે તેમ છે. જરૂર છે તારે કાલ્પનિક ભયથી મુક્ત બની જવાની. 'શું થશે ?' એ વિચારને નંબર બે પર રાખી દઈને 'શું થઈ રહ્યું છે ?' એ વિચારને નંબર એક પર રાખી દે.

યાદ રાખજે, કાલ્પનિક ભયની ઉપસ્થિતિમાં દોરડું સાપ બનીને ડરાવતું હોય છે. તું અત્યારે કાં તો જાગ્રત બની જા અને કાં તો મદારી બની જા. મન તારું ભયમુક્ત બનીને જ રહેશે.

## ૨૪

**મહારાજ સાહેબ,**

સંપત્તિને સુરક્ષિત રાખવા મેં એને વેપારમાં રોકી, વેપારમાં ખોટ આવી. બૅન્કમાં રોકી, બૅન્ક ઊઠી ગઈ. મિત્રને આપી, એણે વિશ્વાસઘાત કર્યો. શૅરબજારમાં રોકી, ઈન્ડેક્સ તૂટ્યો. જમીનમાં રોકી, જમીનના ભાવ ગગડી ગયા. સમજાતું નથી મને એ કે સંપત્તિનું રોકાણ કરવું ક્યાં ?

વિવેક,

એક પ્રશ્ન હું તને પૂછવા માગું છું. બીજની સુરક્ષા ક્યાં ? એ રસ્તા પર વેડફાતા રહે એમાં ? અનાજ બનીને પેટમાં જતા રહે એમાં ? કે પછી ખેતરમાં વવાતા રહે એમાં ? એક બીજો પ્રશ્ન. બીજને કોઠારમાં સંગ્રહિત કરતા રહેવું એ બુદ્ધિમત્તા કે બીજને ખેતરમાં વાવતા રહેવું એ બુદ્ધિમત્તા ? આ બંને પ્રશ્નનો એક જ જવાબ હોઈ શકે. **બીજની સુરક્ષા ખેરતમાં. બીજનો સદુપયોગ એ ખેતરમાં વવાતું રહે એમાં. બીજું ગૌરવ, એને ખેતરમાં સ્થાન અપાતું રહે એમાં !**

તેં સંપત્તિની સુરક્ષા અંગેનો ઉપાય મને પુછાવ્યો છે ને ? એનો જવાબ હું તો તને શું આપું ? શાસ્ત્રકારોએ એનો જવાબ આપતા લખ્યું છે કે **'उपार्जितानामर्थानाम् त्याग एव हि रक्षणम्'**

અર્જિત કરેલ સંપત્તિના રક્ષણનો એક જ ઉપાય છે, એનો ત્યાગ કરતા રહો. એનો સદુપયોગ કરતા રહો. દાનના માર્ગે એને વાપરતા રહો.

અલબત્ત,

શાસ્ત્રકારોના આ કથન પર ભરોસો બેસવો એ બહુ મુશ્કેલ છે. કારણ કે બહુજનવર્ગ તો ત્યાગને અને દાનને 'ખર્ચ' જ માને છે, 'રોકાણ' માનતો જ નથી. જ્યારે દાનની એક મસ્ત વ્યાખ્યા આપતા મહાપુરુષોએ આ લખ્યું છે કે **'दानं वपनम्' દાન એટલે છોડવું એમ નહીં, ફેંકવું એમ નહીં, આપવું એમ નહીં પણ વાવવું !**

એટલું જ કહીશ તને કે દાનની આ વ્યાખ્યાને અસ્થિમજ્જા બનાવી દે. તને બૅન્ક કે જમીન એટલાં યાદ નહીં આવે, જેટલાં સત્ક્ષેત્રો યાદ આવશે.

## ૨૫

**મહારાજ સાહેબ,**

મારા મનની એક નબળી કડીની આપને વાત કરું ? સત્કાર્યો કરવાનાં અરમાનો મનમાં સતત જાગ્યા તો કરે જ છે પરંતુ એ અરમાનોને કાર્યાન્વિત કરી શકું એવા સંયોગો મને લગભગ મળતા નથી અને એના કારણે બને છે એવું કે સેવેલાં એ અરમાનો આખરે દરિદ્રના મનોરથોની જેમ નિષ્ફળ જ જાય છે. કોઈ સમાધાન ?

સુકેતુ,

ગંભીરતા સાથે તને એટલું જ કહીશ કે **અનુકૂળ સંયોગોની રાહમાં બહુ સમય ન ગુમાવીશ. સંયોગો અને સમય, બંનેય તારા હાથમાંથી ચાલ્યા જશે.**

મારા ખુદના જીવનના અનેક વખતના અનુભવો પરથી હું આ તારણ ઉપર આવ્યો છું કે સત્કાર્યોના સેવન માટે મન જેવા અનુકૂળ સંયોગો ઝંખે છે એવા અનુકૂળ સંયોગો ક્યારેય આવતા જ નથી. આગળ વધીને કહું તો એવા અનુકૂળ સંયોગો કદાચ આવી પણ જાય છે તો મન બીજા જાતજાતનાં બહાનાંઓ ઊભા

કરી દઈને એ સત્કાર્યોના સેવનને ટાળતું જ રહે છે.

સાચે જ તું જો સત્કાર્ય સેવન કરવા માગે જ છે તો જે પણ સામગ્રી તારી પાસે અત્યારે હાજર છે અને જે પણ સંયોગો અત્યારે તને ઉપલબ્ધ છે એનો બને એટલો વધુ ને વધુ સદુપયોગ કરી લે. બાકી, **પાણી કરતાં ય વધુ તરલ છે મન. પારા કરતાં ય વધુ ચંચળ છે મન અને પવન કરતાં ય વધુ ચપળ છે મન.**

એ ક્યારે બદલાઈ જાય એનો કોઈ જ ભરોસો નહીં. એ ક્યારે પાટલી બદલી નાખે એ કાંઈ જ નક્કી નહીં. એ ક્યારે પડી જાય એનું કાંઈ જ નક્કી નહીં.

ઉઘરાણી સો ટકા પતાવવાનો આગ્રહ રાખવા જતાં આખી જ ઉઘરાણી ડૂબી જાય એ ભયસ્થાનને આંખ સામે રાખજે. તારા મનનું સમાધાન થઈ જશે.

## ૨૬


**મહારાજ સાહેબ,**

સાચે જ જીવનને જો સત્કાર્યોથી મઘમઘતું બનાવી દેવું છે તો આપની દૃષ્ટિએ રાખવા જેવી સાવધગીરી કઈ ? સત્સંગમાં રહેવું એ ? સદ્નિમિત્તોનું સેવન કરતા રહેવું એ ? સારા વાતાવરણમાં રહેવું એ ? સત્સાહિત્યનું વાંચન કરતાં રહેવું એ ? કે પછી બીજું કાંઈ ?

કૃતાર્થ,

**આ બધું તો જરૂરી છે જ પણ સૌથી વધુ મહત્ત્વનું છે અજ્ઞાનવર્ગના ટોળાને નહીં સાંભળવાની હિંમત કેળવી લેવાનું.** જો એ હિંમતનો અભાવ છે તારી પાસે તો સત્કાર્યો તું કદાચ શરૂ તો કરી શકીશ, કેટલાંક સત્કાર્યોને તું કદાચ પૂરા પણ કરી શકીશ પણ ખૂબ લાંબા સમય સુધી તારા જીવનને સત્કાર્યોથી તું મઘમઘતું રાખવામાં સફળતા નહીં મેળવી શકે.

આ હું તને એટલા માટે કહું છું કે આ તો સંસાર છે. જાહેર નહીં થયેલા અને હૉસ્પિટલમાં દાખલ નહીં થયેલા એવા ગાંડાઓની સંખ્યા અહીં બહુમતીમાં છે. તેઓએ 'સારાં' અને 'ખરાં' કાર્યોની આખી ને આખી વ્યાખ્યા જ બદલી નાખી



છે. નૈતિકતા, પવિત્રતા અને આધ્યાત્મિકતા એ તેઓને મન કાં તો શબ્દોની એક રમત છે અને કાં તો પછાતપણું છે, જુનવાણીપણું છે.

આવો વર્ગ સત્કાર્યોનું સેવન કરવા લાગે એ તો સંભવિત નથી જ; પરંતુ કોકના દ્વારા સેવાતાં સત્કાર્યોની પ્રશંસા કરવા લાગે એ ય સંભવિત નથી. છેવટે એમને માટે એક જ કાર્ય બાકી રહે છે, સત્કાર્યોને વખોડતા રહેવાનું !

જો સત્કાર્યોનું સેવન કરનાર કાચા કાનનો હોય, નબળો હોય, સામાના વિપરીત અભિપ્રાયો સાંભળીને ડરી જનાર હોય તો સત્કાર્ય સેવનના માર્ગ પર ટકી રહેવું એના માટે સર્વથા અસંભવિત બની રહે.

શું કહું તને ? **એક પણ શિષ્ટ પુરુષના અભિપ્રાય માત્રથી ગલત કાર્યના માર્ગે આગળ વધતો અટકી જશે. સત્કાર્યોના માર્ગે આગળ વધતા કહેવાતા ડાહ્યાઓના ટોળાના વિરુદ્ધ અભિપ્રાયોને ઘોળીને પી જવાનું સત્ત્વ દાખવતો રહેજે.** ફાવી જઈશ.

## ૨૭

**મહારાજ સાહેબ,**

ગલત શું છે અને સમ્યક્ શું છે, એની જાણકારી હોવા છતાં કોણ જાણે કેમ, એના ત્યાગ માટે અને એના સેવન માટે તૈયાર ન થતાં મનને શું 'મૂર્ખ' જ કહી શકાય ? જો મન મૂર્ખ ન હોય તો એનું આવું દંભી વલણ અને આવું દંભી આચરણ સંભવી જ શી રીતે શકે ?

નરેન્દ્ર,

**જેની પાસે ગલત-સમ્યક્ની જાણકારી જ નથી એને મૂર્ખ કહી શકાય; પરંતુ એ જાણકારી હોવા છતાં - અનુકૂળ સંયોગ-સામગ્રી અને શક્તિ છતાં - જો એના અમલ માટે મન તૈયાર નથી તો એને મૂર્ખ નહીં પણ મૂઢ જ કહેવો પડે.**

તું કુંભકર્ણને કદાચ મૂર્ખ કહી શકે પરંતુ દર્યોધન તો મૂઢ જ હતો. 'ધર્મ શું છે એ હું જાણું છું પણ એમાં

પ્રવૃત્ત થવા હું તૈયાર નથી. પાપ શું છે એની મને જાણ છે પણ એનાથી નિવૃત્ત થવાની મારી તૈયારી નથી' આવું નિર્લજ્જપણે શ્રી કૃષ્ણને જે દુર્યોધને સંભળાવી દીધું છે એ દુર્યોધનને 'મૂર્ખ' કહેવો એમાં તો મૂર્ખતાનું ભારોભાર અપમાન છે.

**સ્પષ્ટ શબ્દોમાં તને કહું તો વર્તમાન જગત મૂર્ખાઓથી પીડિત નથી, મૂઢોથી પીડિત છે. અભણોના કારણે ત્રસ્ત નથી, ભણેલાઓના કારણે ત્રસ્ત છે. નિરક્ષરોથી દૂષિત નથી, સંસ્કારહીન સાક્ષરોથી દૂષિત છે.**

બાકી, કમ્પ્યૂટર, વેબસાઈટ, ઈન્ટરનેટ, મોબાઈલ અને વીડિયોના આ યુગમાં તને મૂર્ખાઓની સંખ્યામાં રોજેરોજ કડાકો બોલાઈ રહ્યાનું દેખાતું હોય તો એમાં કોઈ નવાઈ નથી પરંતુ એક વાત ખાસ સમજી રાખજે કે મૂઢોની સંખ્યામાં જે ઉછાળો આવી રહ્યો છે એ ઉછાળો આખા જગતને માટે પીડાકારક અને ત્રાસદાયક બની રહેવાનો છે.

તને મારી એટલી જ સલાહ છે કે મૂર્ખતામાંથી તું જરૂર બહાર નીકળી જજે પણ ત્યાંથી બહાર નીકળી ગયા પછી મૂઢતામાં અટવાઈ ન જતો. જીવન હારી બેસીશ.

## ૨૮

**મહારાજ સાહેબ,**

'ક્રોધ ભયંકર છે' એ વાત ન જાણે કેટલીય વાર સાંભળી છે અને કેટલીય વાર વાંચી છે. આમ છતાં જીવનમાંથી તસુભાર પણ ક્રોધ ઘટ્યો હોય એવું અનુભવાતું નથી. પ્રશ્ન એ છે કે ક્રોધ નાલાયક પર તો કરવાનો કે એના પર પણ નહીં કરવાનો ? કારણ કે જો નાલાયક પર પણ ક્રોધ કરવાનો ન હોય તો તો પછી આ જગત નાલાયકોથી ઊભરાવા જ લાગશે !

પ્રશાન્ત,

પહેલી વાત તો તું આ સમજી લે કે **નાલાયક પર પણ ક્રોધ કરતા રહીને આખરે તો આપણી લાયકાત આપણે પોતે જ ઓછી કરી રહ્યા છીએ.** ઊકળતા પાણીમાં પ્રતિબિંબ પડતું તો હોય છે પણ જેમ સ્પષ્ટ દેખાતું નથી, ગરમ દૂધ મેળવણને સ્વીકારતું તો હોય છે પણ જેમ જામતું નથી તેમ ગરમ મગજ સદ્નિમિત્તોને પામતું તો હોય છે, સત્પ્રેરણાઓને સાંભળતું તો હોય છે પરંતુ એની સમ્યક્ અસરથી એ સર્વથા મુક્ત જ રહેતું હોય છે.



બીજો એક મહત્ત્વનો પ્રશ્ન તને પૂછું ? **આજ સુધીમાં સામી વ્યક્તિના હાથ ઠંડા કરવામાં આગને સફળતા મળી છે ખરી ? સામી વ્યક્તિના મોઢાને મીઠું કરવામાં લીમડાને ક્યારેય સફળતા મળી છે ખરી ? જો ના, તો નાલાયક પર ક્રોધ કરતા રહીને એને લાયક બનાવવામાં આજસુધીમાં કોઈને ય સફળતા મળી નથી.**

હા, નાલાયક પણ લાયક બન્યો છે જરૂર પણ ક્રોધના રસ્તે નહીં, પ્રેમના રસ્તે ! કઠોર શબ્દપ્રયોગના રસ્તે નહીં પણ મધુર શબ્દપ્રયોગના રસ્તે ! હૃદયની કટુતાના રસ્તે નહીં પણ શાલીનતાના રસ્તે !

હું તને પૂછું છું, તારે નાલાયકને લાયક જ બનાવવો છે ને ? અને એ લાયકાત જો પ્રેમના ગળપણથી પ્રગટી જાય એમ હોય તો પછી ક્રોધની કડવાશનો ઉપયોગ કરવાની તારે કોઈ જરૂર ખરી ?

## ૨૯

**મહારાજ સાહેબ,**

વ્યક્તિ સાથે અણબનાવ જ્યારે પણ ઉત્પન્ન થાય છે ત્યારે અંતઃકરણ એક પ્રકારની ગ્લાનિ અનુભવે છે જરૂર, સમાધાન કરી લેવા અને ઝૂકી જવા એ તૈયાર થઈ પણ જાય છે પણ મુશ્કેલી એ થાય છે કે સમાધાનમાં મનને નારાજ તો કરવું જ પડે છે. સમાધાન કરી લીધા પછી કોણ જાણે કેમ, પણ મનમાં એક જાતનો અજંપો ઊભો રહી જાય છે કે 'આપણે દબાઈ ગયા'. આ લાગણીમાંથી મુક્ત થવાનો કોઈ ઉપાય ખરો ?

રીતેશ,

**એક અપેક્ષાએ કહેવું હોય તો એમ કહી શકાય કે જેમાં એક પક્ષ રાજી રહે અને બીજો પક્ષ નારાજ થઈ જાય એનું નામ છે ન્યાય જ્યારે બંને પક્ષમાં અલ્પાંશે પણ નારાજગી ઊભી રહે એનું નામ છે સમાધાન !**

અન્ય અપેક્ષાએ કહેવું હોય તો એમ કહી શકાય કે જેમાં એકના ઘરે અંધારું થાય અને બીજાના ઘરે અજવાળું થાય એનું નામ છે ન્યાય, જ્યારે બંને ઘરે અજવાળું થાય એનું નામ છે સમાધાન !

હું તો તને એમ જ કહીશ કે મન નારાજ રહેતું હોય તો ય, મનમાં અજંપો ઊભો રહી જતો હોય તો ય

ન્યાયના રસ્તાને બદલે સમાધાનના રસ્તા પર જ તું પસંદગી ઉતારતો રહેજે.

આમે ય મનના રાજીપાની ય બહુ કિંમત આંકવા જેવી નથી તો મનની નારાજગીની ય બહુ પરવા કરવા જેવી નથી. તુચ્છ વ્યક્તિ રાજી થઈ જાય તો પ્રશંસાના બે શબ્દો બોલી બેસે એટલું જ ને ? તુચ્છ વ્યક્તિ નારાજ થઈ જાય તો બે-ચાર અપશબ્દો બોલી બેસે એટલું જ ને ? એની નોંધ લઈને ગલતને સ્વીકારી લેવાની ભૂલ કરવા જેવી નથી.

સંદેશ સ્પષ્ટ છે. **મન તુચ્છ છે. અંતઃકરણ ઉત્તમ છે. ઉત્તમને સાચવવા જતાં તુચ્છ નારાજ થઈ જતું હોય તો એને થઈ જવા દેવું. લાભ જ લાભ છે.**

## ૩૦

**મહારાજ સાહેબ,**

જીવનમાં નિષ્ફળતા નથી જોઈતી, મનને નિરાશાનું શિકાર નથી બનવા દેવું, હૃદયને ઉદ્વિગ્ન બનવા નથી દેવું, અંતઃકરણને કપટી બનવા નથી દેવું. જીવનમાં આ બધાં લક્ષ્યો રાખ્યા હોવા છતાં કોણ જાણે કેમ નિષ્ફળતા, નિરાશા, ઉદ્વિગ્નતા વગેરે લમણે ઝીંકાતા જ રહે છે. કારણ શું હશે આની પાછળ ?

વિમલ,

તું લક્ષ્ય નક્કી કરવામાં થાપ ખાઈ ગયો. કારણ કે લક્ષ્યના જગતનો કાયદો એ છે કે **તમારે જે જોઈતું નથી એના પર તમે ધ્યાન જ્યારે કેન્દ્રિત કરો છો ત્યારે તમારે જે જોઈતું હોય છે એ તમારી પાસે આવતું અટકી જાય છે.**

હું તને જ પૂછું છું. ધંધાના ક્ષેત્રમાં દાખલ થતાં વેપારીનું લક્ષ્ય શું હોય ? મારે નુકસાની નથી કરવી એ કે કમાણી કરવી છે એ ? ક્રિકેટના જગતમાં દાખલ થતાં

ખેલાડીનું લક્ષ્ય શું હોય ? મારે હારવું નથી એ કે મારે જીતવું છે એ ?

મારી પોતાની જ વાત કરું ? સંયમજીવન અંગીકાર કર્યું એ દિવસથી મેં એ લક્ષ્ય નથી રાખ્યું કે આ જીવનમાં મારે વિરાધના નથી કરવાની. લક્ષ્ય મેં આ રાખ્યું છે કે આ જીવનમાં મારે આરાધના કરવાની છે. આ હકારાત્મક લક્ષ્ય રાખ્યું હોવાના કારણે જ હું આજે સંયમજીવનમાં ભરપૂર પ્રસન્નતા અનુભવી રહ્યો છું.

એટલું જ કહીશ તને કે લક્ષ્યને હકારાત્મક તો તું બનાવી જ દે પરંતુ સાથોસાથ સમ્યક્ પણ બનાવી દે. કારણ કે દરેક હકારાત્મક લક્ષ્ય સમ્યક્ જ હોય છે એવું પણ નથી તો લક્ષ્ય સમ્યક્ હોવા છતાં એ હકારાત્મક ન હોય એ પણ સંભવી શકે છે.

એક મહત્ત્વની વાત તને કરું ? **ઉઠમણામાં કાયમ નકારાત્મક લક્ષ્ય જ હોય છે જ્યારે સત્કાર સમારંભમાં કાયમ હકારાત્મક લક્ષ્ય જ હોય છે અને મને અને તને મળેલ જીવન એ ઉઠમણું નથી પણ સત્કાર સમારંભ છે ! સમજી ગયો ?**

## ૩૧

**મહારાજ સાહેબ,**

આપને કદાચ અતિશયોક્તિ લાગશે પણ હકીકત એ છે શરીર મારું એ હદે તંદુરસ્ત છે કે ક્યારેક ક્યારેક મન એવી કલ્પનામાં પણ ચડી જાય છે કે મને ક્યારેય રોગ આવશે જ નહીં ! અલબત્ત, મને બરાબર ખ્યાલ છે કે શરીર કોઈ પણ પળે કોઈ પણ રોગનું શિકાર બની શકે છે. છતાં પૂછવું આપને મારે એ છે કે તંદુરસ્ત શરીરે જલસા કરતા રહેવું જોઈએ કે સંયમી બન્યા રહેવું જોઈએ ?

અર્પણ,

**જે મકાનમાં માલિક રહેતો હોય એ મકાનને માલિક પોતાના કરતાં ય વધુ સાચવતો હોય એવું તેં ક્યારેય જોયું છે ખરું? જો ના, તો જે શરીરમાં આત્મા રહેતો હોય એ શરીરને આત્મા પોતાના કરતાં ય વધુ સાચવતો રહે એ શેં ચાલે ?**

એક વાત તું યાદ રાખજે કે પૈસા સાથે જીવવું એ એક અલગ વાત છે અને પૈસા માટે જ જીવવું એ બિલકુલ અલગ વાત છે. બસ, એ જ ન્યાયે શરીર સાથે જીવવું એ એક અલગ વાત છે અને શરીર માટે જ જીવવું એ બિલકુલ અલગ વાત છે.

તારી પાસે આજે શરીરની તંદુરસ્તી છે અને એ તંદુરસ્તી તું જલસા કરવામાં વેડફી નાખવા માગે છે એમ ? અનિયંત્રિત ભોગવૃત્તિ તારા શરીરને કોઈ પણ પળે રોગગ્રસ્ત બનાવી દેવા સક્ષમ છે એ ભયસ્થાન તારી આંખો સામે છે ખરું ? તંદુરસ્તી જો જલસા પાછળ જ વેડફાઈ જશે તો પછી તારી પાસે ધર્મ કરી શકે એવું શરીરબળ રહેશે જ નહીં એ હકીકતનો તને ખ્યાલ છે ખરો ? જલસાની આ 'અતિ' તારા શરીરને અકાળે જીર્ણ બનાવી દેશે એની તને સમજ છે ખરી ?

**એટલું જ કહીશ કે ઉપાસનામાં શરીર ઉપયોગી છે અને શરીરની ઉપયોગિતા સંયમમાં છે. જલસા ડુક્કરને, કૂતરાને, સાંઢને કદાચ શોભે [?] પણ માણસને ?**

## ૩૨

**મહારાજ સાહેબ,**

ઘણીવાર એક વિચાર મનમાં એ આવે છે કે શુભ વિચારોથી મનને ગમે તેટલું ભાવિત કર્યા પછી પણ એ વિચારો જો અમલી બનતા જ ન હોય તો એવા વિચારો કર્યા કરવાનો અર્થ જ શો રહે છે ? મેં ક્યાંક એવું સાંભળ્યું હતું કે 'આચરણમાં ન આવતા એવા શુભ વિચારોથી પણ બચતા રહેવું.' આપ આ અંગે શું કહો છો ?

આશિષ,

**વિચાર ચાહે શુભ કે અશુભ છે, એનું પોત બીજનું છે. બીજ જમીનમાં વવાય છે ત્યારે ભલે એ કોઈને દેખાતું નથી પણ જ્યારે એને પાણી, ખાતર, સૂર્યપ્રકાશ વગેરે મળે છે ત્યારે એ અંકુરિત થઈને બહાર આવે છે અને સહુની આંખનો વિષય બને જ છે.**

હું તને પૂછું છું. બીજ વિના વૃક્ષદર્શન કરવામાં સફળતા મળી શકે તેમ છે ખરી ? જો ના, તો વિચાર વિના આચારનાં દર્શન કરવામાં તને સફળતા ક્યાંથી મળવાની છે ?

બીજી એક વાત,

ગલત વિચારો આચરણમાં આવી જાય એના કરતાં શુભ વિચારો આચરણમાં ન આવે

એ લાખ દરજ્જે સારું છે. તારી ભાષામાં તને સમજાવું તો જાગી ગયેલા રાવણ કરતા સૂતેલો કુંભકર્ણ કેઈ ગણો વધુ સારો છે.

મારે તો તને ધન્યવાદ આપવા છે કે તું તારા મનને શુભ વિચારોથી વાસિત રાખવામાં કમ સે કમ સફળ તો બની રહ્યો છે ને ? આ જગતમાં સંખ્યાબંધ જીવો તો એવા જ છે કે જેઓએ પોતાનાં મનને કાં તો અશુભ વિચારોનું ગોડાઉન બનાવી રાખ્યું છે અને કાં તો અશુભ વિચારોથી વ્યાપ્ત ગટરતુલ્ય બનાવી દીધું છે. ભૂલેચૂકે એ વિચારો જો આચરણરૂપ બની ગયા તો કોને માટે એ ત્રાસરૂપ નહીં બન્યા રહે એ પ્રશ્ન છે.

ફરી તને કહું છું કે, **ગટરનું ઢાંકણું ખૂલી જાય એના કરતાં અત્તરની બાટલી બંધ પડી હોય એ વિકલ્પ વધુ સારો છે. ગમે ત્યારે પણ એ ખૂલી જશે તો લાભ જ લાભ છે અને નહીં પણ ખૂલે તો ય નુકસાન તો નામનું ય નથી.**

## 33

**મહારાજ સાહેબ,**

ખબર નહીં, મને બીજાની આંખની શરમ એટલી બધી નડે છે કે કેટલાંક કાર્યોમાં અંતઃકરણ બિલકુલ સંમત નથી હોતું તો પણ હું 'ના' નથી પાડી શકતો. એક ડર એ રહે છે કે મારી 'ના' થી સામાને ખોટું લાગી જશે તો ? અને બીજો ડર એ રહે છે કે મારી 'ના' સામી વ્યક્તિના મનમાં મારા માટે 'ખરાબ'ની છાપ ઊભી કરી દેશે તો ? આપ આ અંગે શું કહો છો ?

વિવેક,

**સમય પહેલાં 'હા' કહી દેવાની વૃત્તિ અને સમયસર 'ના' ન કહી દેવાની વૃત્તિ, આ બે કમજોરી જીવનમાં સંખ્યાબંધ મુશ્કેલીઓ સર્જીને જ રહે છે એ વાસ્તવિકતા તારે સતત આંખ સામે રાખવાની જરૂર છે.**

બીજાની આંખની શરમ તને હજી નડે છે એ તારી ઉત્તમતા છે પણ અંતઃકરણ જે કાર્યો માટે સંમત નથી થતું એ કાર્યોમાં ય બીજાની આંખની શરમ તને નડે છે અને એના કારણે તું જો એ કાર્યોમાં સમત થઈ જાય છે અથવા તો જો મૌન રહી



જાય છે તો એ તારી અધમતા ભલે નથી પરંતુ કાયરતા તો જરૂર છે.

એટલું જ કહીશ તને કે અંતઃકરણ જે બાબતમાં અસંમત થતું હોય એ બાબતમાં 'ના' પાડી દેવાથી સામાને શરૂઆતમાં કદાચ ખોટું લાગતું પણ હોય છે તો ય કેટલાક સમય બાદ એને પોતાને આપણે પાડી દીધેલ 'ના' બદલ એના હૈયામાં આપણા માટે એક પ્રકારનો સદ્‌ભાવ ઊભો થઈ જાય છે.

કદાચ એ સદ્‌ભાવ ન પણ ઊભો થતો હોય તો ય મારે તને સ્પષ્ટ કહેવું છે કે **મનની 'હા' 'ના' ની ઉપેક્ષા જરૂર કરજે પણ અંતઃકરણની 'હા' 'ના' પ્રત્યે તો આંખમીંચામણાં ક્યારેય ન કરતો. સંખ્યાબંધ અનિષ્ટોથી તારી જાતને ઉગારી લેવામાં તને સફળતા મળીને જ રહેશે.**

## ૩૪

**મહારાજ સાહેબ,**

આમ તો સમાજના નરસા-સારા બધા જ પ્રસંગોમાં હું હાજર રહું જ છું પરંતુ મુશ્કેલી એ સર્જાય છે કે જ્યારે મારી હાજરીની કોઈ નોંધ જ લેવાતી નથી ત્યારે મન મારું એકદમ અકળાઈ જાય છે. મને એમ લાગવા માંડે છે કે 'જો કોઈને ય આપણી નોંધ સુદ્ધાં લેવાની પડી ન હોય તો આપણે શા માટે બધે લાંબા-પહોળા થતા રહેવું ?' આ દુર્ધ્યાનથી બચવાનો કોઈ ઉપાય ખરો ?

શરણ,

**બગીચામાં જનાર માણસ એ તો નથી ઇચ્છતો ને કે બગીચાએ મારી હાજરીની નોંધ લેવી જ જોઈએ ! મંદિરમાં જનાર માણસ એ તો નથી અપેક્ષા રાખતો ને કે પ્રભુએ મારી હાજરીની નોંધ લેવી જ જોઈએ ! ઘરમાં કુટુંબ વચ્ચે જીવતો માણસ એ અપેક્ષા તો નથી જ રાખતો ને કે પરિવારના સભ્યોએ મારી હાજરીની નોંધ લેવી જ જોઈએ !** તો પછી તું શા માટે આ અપેક્ષા રાખીને બેસે છે કે જ્યાં પણ હું જાઉં, મારી હાજરીની નોંધ લેવાવી જ જોઈએ.



સાચું કહું તને ? તું જ્યાં પણ જાય છે ત્યાં તારા મનમાં પ્રસંગનું મહત્ત્વ એટલું બેહું નથી હોતું જેટલું તારી હાજરીની નોંધ લેવાતી રહે એનું હોય છે ! આનો અર્થ એટલો જ છે કે તું પ્રસંગ સાચવવા નથી જતો પરંતુ તારો અહં પુષ્ટ કરવા જ જાય છે.

આ સંદર્ભમાં એક મહત્ત્વની વાત તને જણાવું ? **તું જ્યાં પણ જાય ત્યાં તારી હાજરીની નોંધ લેવાય એવી ઝંખના રાખવાને બદલે તારી ગેરહાજરી અનુભવાય એવું જીવન જીવવા લાગ.** તને સમજાય એવી ભાષામાં કહું તો તું સાકર જેવો બની જા. દૂધમાં સાકર હોય છે ત્યારે એની હાજરીની નોંધ કદાચ કોઈ નથી લેતું પણ એ ગેરહાજર હોય છે ત્યારે એની ગેરહાજરી સહુ કોઈ ને ખટકતી હોય છે.

શું કહું તને ? હાજર હોય ત્યારે ખટકે એવા વિષ્ટા જેવા બન્યા રહેવાને બદલે ગેરહાજર હોય ત્યારે ખટકે એવા સાકર જેવા બન્યા રહેવામાં જ જીવનની સફળતા છે.

૩૫

**મહારાજ સાહેબ,**

ઊંચા અને ઉમદા કાર્યો કરવા માટે આજ સુધીમાં ઓછા પ્રયાસો નથી કર્યા પણ માનસિકતા મારી એ રહી છે કે ટેસ્ટ પ્રવેશની પ્રથમ ટેસ્ટ મૅચમાં સેન્ચ્યુરી લગાવી દેતા બૅટ્સમૅનની જેમ મારે નિષ્ફળતાના શિકાર બન્યા વિના કાર્યોમાં સફળ જ બનવું જોઈએ. ખેદ સાથે જણાવું છું આપને કે પૂરી સાવધગીરી છતાં લમણે નિષ્ફળતાઓ ઝીંકાતી જ રહી છે અને એ નિષ્ફળતાઓએ મારા કાર્યો કરતા રહેવાના ઉત્સાહનું બારમું કરી જ નાખ્યું છે. કોઈ સમાધાન ?

ચિંતન,

ક્યાંક વાંચવામાં આવેલ એક વાક્ય તું ય વાંચી લે. **'જેણે ઠોકર ખાધી નથી એ ક્યારેય પહાડ**

**ચઢ્યો જ નથી' આનો અર્થ ? આ જ કે સફળતાની મંજિલે પહોંચવા માટે તમારે નિષ્ફળતાના માર્ગ પર ચાલવું જ પડે છે.**

તને ખબર જ હશે કે દરેક બૅટ્સમૅન પ્રથમ ટેસ્ટમાં જ સેન્ચ્યુરી લગાવી દેવામાં સફળ બનતો નથી. જે બૅટ્સમૅન સફળ બની પણ જાય છે એ ય દરેક ટેસ્ટમાં સેન્ચ્યુરી લગાવી શકતો નથી. વળી, પ્રથમ ટેસ્ટમાં શૂન્ય રનમાં આઉટ થઈ જતો બૅટ્સમૅન પછીની ટેસ્ટમાં સેન્ચ્યુરી લગાવી દે એવું ય બને છે.

આ વાસ્તવિકતા એટલું જ કહે છે કે પરિણામ તમારા હાથમાં નથી, પ્રક્રિયા તમારા હાથમાં છે. તમે પ્રક્રિયા ચાલુ જ રાખો. અપેક્ષિત પરિણામ આવશે તો પ્રક્રિયા ચાલુ રાખવાથી આવશે, પ્રક્રિયા છોડી દેવાથી નહીં આવે.

**કેટલીયવાર પડ્યા પછી જ બાબો ચાલતા શીખે છે, પાટીમાં કેટલીય વાર લીટાઓ ચીતર્યા પછી જ બાબો સાચો એકડો લખી શકે છે. કેટલીય વાર સાઈકલ પરથી ગોથું ખાધા પછી જ બાબો સાઈકલ ચલાવતા શીખે છે. નિષ્ફળતાઓને ઘોળીને પી જવાનું સામર્થ્ય કેળવી લઈને ઉમદા કાર્યો કરવાનું ચાલુ જ રાખ. જીવન ધન્ય બની જશે.**

## ૩૬

**મહારાજ સાહેબ,**

સફળતાના શિખરે પહોંચ્યા પછી ય પ્રસન્નતાની અનુભૂતિની જે કલ્પના હતી એ અનુભૂતિ જાણે કે લાખો યોજન દૂર જ હોવાનું લાગી રહ્યું છે. શું કારણ હશે આની પાછળ ?

વિસ્મય,

ખોટા પર્વતના શિખરે પહોંચ્યા પછી તું એમ કહે કે 'પ્રસન્નતાની અનુભૂતિ નથી થતી' તો એમાં નવાઈ પામવા જેવું કશું જ ન હોય ને ?

**પર્વત ચાહે પદાર્થનો હોય કે પ્રસિદ્ધિનો, પ્રસન્નતાનો, એની સાથે કોઈ જ સંબંધ નથી.** ષટ્ખંડનું સામ્રાજ્ય હોય છે ચક્રવર્તી પાસે અને ષટ્ખંડમાં પ્રસિદ્ધિ પામવાનું સદ્ભાગ્ય [?] મળ્યું હોય છે ચક્રવર્તીને અને છતાં પ્રસન્નતાની અનુભૂતિથી એ વંચિત જ હોય છે. કારણ ?

પદાર્થ અને પ્રસિદ્ધિનું પોત હોય છે સાગરના પાણી જેવું. તૃપ્તિનો સંબંધ પાણી સાથે જરૂર હોય છે; પરંતુ એ પાણી નદીનું, વાદળનું, કૂવાનું કે



સરોવરનું હોવું જરૂરી છે, સાગરનું તો હરગિજ નહીં ! બસ, એ જ ન્યાયે પ્રસન્નતાનો સંબંધ પ્રાપ્તિ સાથે જરૂર છે; પરંતુ એ પ્રાપ્તિ સદ્‌ગુણોની, સમાધિની, સમતાની કે શુદ્ધિની હોવી જરૂરી છે, પદાર્થની કે પ્રસિદ્ધિની નહીં !

તારા દિલની દીવાલ પર કોતરી રાખજે આ વાક્ય કે **મસ્તીનું કારણ મંજિલ ત્યારે જ બને છે કે જ્યારે કદમ સમ્યક્ માર્ગ પર મંડાયા હોય. મંજિલ તો ગલત માર્ગ પર કદમ મંડાયા પછી ય આવતી હોય છે; પરંતુ એ મંજિલ પ્રસન્નતાનું કારણ ન બનતાં ઉદ્વિગ્નતાનું કારણ જ બની રહેતી હોય છે.**

અનંતકાળના સંસાર પરિભ્રમણમાં મારા માટે અને તારા માટે આ જ તો બન્યું છે. શિખરે પહોંચવામાં તો સફળ બની ગયા; પરંતુ પ્રસન્નતા અનુભવવામાં નિષ્ફળ જ રહ્યા અને સૌથી વધુ કરુણતા તો એ સર્જાઈ કે શિખર ખોટા પવર્તનું હતું એ આપણે સમજી ન શક્યા. ખેર, જાગ્યા ત્યારથી સવાર એ ન્યાયે હવે એ શિખર પરથી નીચે ઊતરવાનું શરૂ તો કરી જ દઈએ. કમ સે કમ ઉદ્વિગ્નતા તો ઓછી કરી દઈએ !

## ૩૭

**મહારાજ સાહેબ,**

મનમાં શુભનું આકર્ષણ નથી જ એવું ન હોવા છતાં ય કોણ જાણે કેમ શુભને આચરણનું અંગ બનાવવામાં ધારી સફળતા નથી મળતી. અલબત્ત, કવચિત્ સફળતા મળે પણ છે તો ય એ સફળતાથી હૃદયને સંતોષ નથી. કારણ શું હશે આની પાછળ ?

પ્રશમ,

**બગલા સાથે તરવાનું ચાલુ રાખ્યા પછી ગરુડ સાથે ઊડવામાં સફળતા ન જ મળે એ સમજી શકાય એવી જ વાત છે ને ? બોલતા રહેવાનું ચાલુ રાખ્યા પછી ખાતા રહેવામાં સફળતા ન જ મળે એ સમજી શકાય એવી જ વાત છે ને ? બસ, એ જ ન્યાયે હૃદયમાં અશુભના જડબેસલાક પક્ષપાત પછી શુભને આચરણમાં લાવવામાં ધારી સફળતા ન મળે એ પણ સમજાય એવી જ વાત છે.**

એક હકીકત તારા ખ્યાલમાં હશે જ કે ગાડીની દિશા બદલવા ઇચ્છતા ડ્રાઇવરે ગાડીમાંથી નીચે ઊતરી જઈને ગાડીના પૈડાં પર કોઈ પ્રયાસો કરવાના હોતા નથી. માત્ર સ્ટીઅરિંગ વ્હીલને એ વળાંક આપી દે છે અને



ગાડીની આખી દિશા બદલાઈ જાય છે.

મારે તને આ જ કહેવું છે. શુભના આચરણને ચિરસ્થાયી બનાવી દેવા તું માગે છે ને ? તારા અંતઃકરણને સૌ પ્રથમ તું શુભનું પક્ષપાતી બનાવી દે. જ્યાં સુધી એમાં તું ધાર્યો સફળ નહીં બને ત્યાં સુધી તારો વર્તમાન અસંતોષ ઊભો જ રહેશે.

અલબત્ત, આનો અર્થ તું એવો ન સમજી બેસતો કે અંતઃકરણ ન બદલાય ત્યાં સુધી આચરણ બદલવું જ નહીં. ના. **બદલાતું આચરણ લાંબા ગાળે અંતઃકરણને બદલાવી દે એવી પૂરી સંભાવના છે.** મારો ખુદનો અનુભવ પણ આ છે જ છતાં અશુભનાં નુકસાનોને આંખ સામે રાખીને એનાં આકર્ષણથી અંતઃકરણને મુક્ત બનાવી જ દે. પછી જો, ચમત્કારો કેવા સર્જાય છે ?

૩૮

**મહારાજ સાહેબ,**

રસ્તા પર ચાલતા ચાલતા આપણે ઊભા રહી જઈએ છીએ તો આપણે જ્યાં હોઈએ છીએ ત્યાં જ રહીએ છીએ; પરંતુ કાંઈ પાછળ ધકેલાઈ જતા નથી; પરંતુ આજના કાળે બજારનું જે ક્ષેત્ર છે ત્યાંની હાલત એવી છે કે જો તમે આગળ ધપતા નથી તો સો ટકા પાછળ ધકેલાઈ જાઓ છો. કહેવું હોય તો એમ કહી શકાય કે વર્તમાનયુગ એ સ્પર્ધાનો યુગ છે. તમારી ઇચ્છા હોય કે ન હોય, તમારે એમાં સામેલ થવું જ પડે છે અને એમાં થતી સામેલગીરી મનને સતત તનાવગ્રસ્ત જ રાખે છે. કરવું શું ?

નિર્મળ,

તેં જણાવ્યા મુજબની જ વાસ્તવિકતા હોય તો ય મારે તને બે વાત ખાસ કરવી છે. **હલકા માણસ સામે ક્યારેય સ્પર્ધામાં ઊતરીશ નહીં અને હલકી સ્પર્ધામાં ય ક્યારેય ઊતરીશ નહીં.**

જે માણસ બે-વચની છે, વિશ્વાસઘાતી છે, ક્રૂર છે, લંપટ છે, વ્યભિચારી છે અને જૂઠો છે એ હલકો માણસ છે. એની સામે તું ભૂલેચૂકે ય જો સ્પર્ધામાં ઊતરી ગયો તો નિશ્ચિત સમજી રાખજે કે કાં તો તારે ય એના જેવા બની જવું પડશે અને કાં તો તારે હારી જવા તૈયાર રહેવું પડશે.

વળી,

સ્પર્ધામાં ટકી રહેવા અને જીતી જવા તું પોતે જો હલકા રસ્તાઓ અપનાવવા લાગ્યો તો નિશ્ચિત સમજી રાખજે કે એ રસ્તે મળી જતી સફળતાઓ તારી આંતરિક પ્રસન્નતાને રફે-દફે કરીને જ રહેશે.

સંદેશ સ્પષ્ટ છે.

જેના હાથમાં વિષ્ટા છે એની સામે સ્પર્ધામાં તારે પડવાનું નથી અને સ્પર્ધામાં જીતી જવા તારે પોતે હાથમાં વિષ્ટા લેવાની નથી. બાકી, હું પોતે એમ માનું છું કે **જો તું સંતુષ્ટ ચિત્તનો સ્વામી છે, ઇચ્છાઓ પર તું જો સારું એવું નિયંત્રણ ધરાવે છે તો આજના કાળે પણ સ્પર્ધાની આ ત્રાસદાયક દોટમાં સામેલ થયા વિના પણ તારું જીવન મજેથી ચાલી શકે તેમ છે.** વિચારજે મારા આ સૂચન પર.

૩૯

**મહારાજ સાહેબ,**

જીવનમાં એક જબરદસ્ત મુશ્કેલી એ સર્જાઈ છે કે કેટલીય વ્યક્તિઓ પ્રત્યે મારા હૈયામાં ઉત્કટ લાગણી હોવા છતાં એ લાગણીને અભિવ્યક્ત કરવાની મને આદત ન હોવાના કારણે એ વ્યક્તિઓના મનમાં મારા માટે એક ગેરસમજ ઊભી થઈ ગઈ છે કે હું તેઓને માટે કોઈ લાગણી ધરાવતો જ નથી. પ્રશ્ન મારો એ છે કે શું લાગણીને અભિવ્યક્ત કરતા રહેવાનું જરૂરી જ છે ?

પ્રેમ,

**લાગણી તો ઘંટ જેવી છે. મંદિરમાં ઘંટ હોવા છતાં જો એને વગાડવામાં નથી આવતો તો ઘંટના અસ્તિત્વનો ખ્યાલ પણ નથી આવતો. અને મહત્ત્વની વાત તો એ છે કે ઘંટની સાર્થકતા એનો રણકાર સંભળાતો રહે એમાં જ તો છે. જો એનો રણકાર સાંભળવાનો જ ન હોય, સંભળાતો જ ન હોય તો એનું હોવું - ન હોવા બરાબર જ છે ને ?**

તું લખે છે કે 'વ્યક્તિઓ પ્રત્યે મારા હૈયામાં લાગણી હોય તો છે જ; પરંતુ હું એને અભિવ્યક્ત નથી કરતો' કારણ છે કાંઈ ? શું સામી વ્યક્તિઓ અપાત્ર છે એટલે તું લાગણીને અભિવ્યક્ત નથી

કરતો ? તારી લાગણીનો ગેરલાભ ઉઠાવાય એવી તને સંભાવના દેખાય છે એટલે તું અભિવ્યક્ત નથી કરતો ? તારી લાગણીનો તને સાનુકૂળ પ્રતિભાવ નથી મળતો માટે તું અભિવ્યક્ત નથી કરતો ?

શું કહું તને ?

**લાગણી હોવા છતાં કોક ને કોક કારણસર એને અભિવ્યક્ત ન થવા દેવાના કારણે કેટલાય સંબંધો મૂરઝાઈ ગયા છે, કડવા વખ જેવા બની ગયા છે, સંબંધોમાં જાલિમ કડવાહટ પેદા થઈ ગઈ છે.**

એટલું જ કહીશ તને કે વસ્તુઓને સાચવતા તો તને આવડે છે પણ સંબંધોને સાચવી રાખવામાં તારે સફળ બનવું હોય તો લાગણીને અભિવ્યક્ત કરતા તારે શીખી લેવું જ પડશે. જવું છે સત્કાર સમારંભમાં અને ડાચું રાખવું છે દીવેલ પીધા જેવું ! મેળ પડશે ખરો ?

## ૪૦

**મહારાજ સાહેબ,**

મન મારું બહુ નિર્બળ છે. કાર્ય કોઈ પણ કરવાનું વિચારું છું, મનમાં નકારાત્મક વિચારો આવવાના ચાલુ થઈ જાય છે. 'વચ્ચે વિઘ્નો આવશે તો ? કાર્ય નિષ્ફળ જશે તો ? આજુબાજુવાળા કાર્યનો વિરોધ કરશે તો ?' બસ, આખરે એ બને છે કે હું કાર્ય કરવાનું જ માંડી વાળું છું. મનને સશક્ત બનાવવાનો કોઈ ઉપાય આપ દર્શાવી શકો ખરા ?

મનન,

તને ખબર ન હોય તો જણાવું કે **હિટલરનું મન સશક્ત જ હતું. સદ્દામ હુસેનનું અને ચંગીઝખાનનું, નાદિરશાહનું અને ઔરંગઝેબનું મન સશક્ત જ હતું. આ તમામે સશક્ત મનના સહારે જગત પર કેવો કાળો કેર વર્તાવ્યો છે એ તારી જાણ બહાર તો નહીં જ હોય અને એ છતાં તું મારી આગળ મનને સશક્ત બનાવવાનો ઉપાય પૂછી રહ્યો છે ! કમાલ છે !**

ઉપાય તારે મને પૂછવો જ હોય તો એ પૂછ કે મનને શાંત શી રીતે બનાવવું ? કારણ કે પરમાત્માનું મન શાંત હોય છે, સંતોના મન શાંત હોય છે, સજ્જનોનાં મન શાંત હોય છે.

શાંત મન કાયમ નિરુપદ્રવી હોય છે અને નિરુપદ્રવી મનના કારણે જ જગતમાં, જીવનમાં અને મનમાં પ્રસન્નતા અનુભવાય છે.

લખી રાખજે તારા દિલની દીવાલ પર કે **જ્યાં સુધી શાંત મનને બદલે સશક્ત મનની જગતમાં માંગ રહેવાની છે ત્યાં સુધી જગતમાં સમસ્યાઓ, સંઘર્ષો, ઉપદ્રવો અને યુદ્ધો ચાલુ જ રહેવાના છે.** વિશ્વશાંતિ અંગે ભલે ગમે તેટલા પરિસંવાદો યોજાય કે આકાશમાં ભલે લાખોની સંખ્યામાં કબૂતરો ઉડાવાય બધું ય નિરર્થક જ પુરવાર થવાનું છે.

કરુણતાની પરાકાષ્ઠા તો એ છે કે સશક્ત મનની આ ભયંકરતા છતાં અને શાંત મનની આ ભદ્રંકરતા છતાં સર્વત્ર બોલબાલા સશક્ત મનની જ છે, શાંત મન તો જાણે કે કમજોરીનું પર્યાયવાચી બની ગયું છે. ખેર, તું પોતે આ ગણતરીમાંથી બહાર આવી જા. સશક્ત મનનો નહીં, શાંત મનનો ચાહક બની જા. ફાવી જઈશ.

## ૪૧

**મહારાજ સાહેબ,**

પુષ્પો ગમે તેટલા તાકાતવાળા હશે, પાનખરમાં તો એ ગેરહાજર થઈ જ જાય છે ને ? જ્યારે કંટકો તો પાનખરમાં ય પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતા હોય છે. આ અપેક્ષાએ એમ શું કહી ન શકાય કે પુષ્પો કરતાં ય તાકાતની દૃષ્ટિએ કંટકો આગળ છે ?

અમન,

**પાનખરમાં કંટકો ખરતા ભલે નથી પણ વસંતમાં ય એ ખૂશ્બુ ફેલાવી શકતા નથી એ તો તારા ખ્યાલમાં હશે જ ! જ્યારેપુષ્પો પાનખરમાં ભલે ગેરહાજર થઈ જાય છે પણ વસંતમાં એ ચારેય બાજુ ખુશબો ફેલાવતા રહે છે એ ય તારા ખ્યાલમાં હશે જ !**

મહત્ત્વ અસ્તિત્વ ટકી રહે એનું નથી, વ્યક્તિત્વ વિકસતું રહે એનું છે. કબૂલ, કંટકોનું અસ્તિત્વ પુષ્પો કરતાં લાંબા સમય સુધી ટકી રહે છે પણ એટલા માત્રથી પુષ્પો કરતાં તેઓ વધુ પ્રશંસાને પાત્ર બન્યા હોય, કવિઓની સ્તવનાઓના

વિષય બન્યા હોય, પ્રભુનાં મસ્તકે ચડ્યા હોય, મંગળ પ્રસંગોએ એની ભેટ અપાઈ હોય એવું તે ક્યાંય જોયું, સાંભળ્યું, અનુભવ્યું ખરું ?

યાદ રાખજે,

**જીવનની સાર્થકતા પણ અસ્તિત્વ ટકી રહે એના આધારે ન માપતાં, વ્યક્તિત્વ વિકસતું રહે એના આધારે માપતો રહેજે.** એમ તો દુર્ગુણો જન્મથી માંડીને મોત સુધી ટકી રહેતા હોય છે જ્યારે સદ્‌ગુણો કવચિત્ પ્રગટ થઈને કદાચ રવાના થઈ જતા હોય છે પણ એટલા માત્રથી દુર્ગુણોને સદ્‌ગુણો કરતાં વધુ તાકાતવાન માની લેવાની ભૂલ કોઈ જ કરતું નથી.

એક જ વાત છે. જે ટકી રહે છે એ સારું જ હોય છે એવું ય નથી તો જે તૂટી જાય છે એ ખરાબ જ હોય છે એવું ય નથી. જે સુખપ્રદની સાથે હિતકર પણ છે એ સારું જ છે, ભલે એનું આયુષ્ય ટૂંકું છે અને જે સુખપ્રદ કે દુઃખપ્રદ હોવા છતાં અહિતકર છે એ ખરાબ જ છે, ભલે એનું આયુષ્ય લાંબું છે !

## ૪૨


**મહારાજ સાહેબ,**

કોઈ પણ વ્યક્તિ સાથે આત્મીય સંબંધથી જોડાઈ જવામાં મને સમય નથી લાગતો પણ મુશ્કેલી એ સર્જાય છે કે એ સંબંધને દીર્ઘજીવી બનાવી રાખવામાં મને સફળતા નથી મળતી. મામૂલી પ્રતિકૂળ નિમિત્ત મળે છે અને એ સંબંધ પર પૂર્ણવિરામ મુકાઈ જાય છે. શું કારણ હશે એની પાછળ ?

મિતેશ,

**પ્રેમના જગતનો એક સામાન્ય કાયદો આ છે કે જતું કરવાની ટેવ ન પાડે એ પ્રેમ લાંબો સમય ન જ ટકે.** કારણ આનું એ છે કે જેના પર પ્રેમ હોય છે એની પાસે અપેક્ષા વધુ રહે છે. અને અપેક્ષા ક્યારેય કોઈની પણ બધી તો પૂરી નથી જ થતી. જો આ સ્થિતિમાં જતું કરવાની ટેવ ન પાડી હોય, અપેક્ષા બધી સામી વ્યક્તિએ પૂરી કરવી જ જોઈએ એવા આગ્રહવાળું મન બનાવી રાખ્યું હોય તો પ્રેમ તૂટીને જ રહે એ બિલકુલ સમજાઈ જાય તેવી વાત છે.

એક પ્રશ્ન તને પૂછું ?



વાતાવરણ આપણે જેવું હોય તેવું જો વિના હિચકિચાટે સ્વીકારી લઈએ છીએ, અલબત્ત એ વાતાવરણને બદલવાના પ્રયાસો કરવા છતાં ય એમાં સફળતા ન મળતાં મનને આપણે એ વાતાવરણને સ્વીકારી લેવા તૈયાર જો કરી શકીએ છીએ, વસ્તુને સ્વીકારી લેતાં ય આપણને જો ખાસ તકલીફ પડતી નથી તો પછી પ્રેમપાત્ર વ્યક્તિને - એ જેવી છે તેવી - સ્વીકારી લેવા આપણે આટલી બધી આનાકાની શા માટે કરીએ છીએ ?

યાદ રાખજે.

**આ સંસારમાં એક જ ચીજ શાશ્વત છે - પરિવર્તન. પ્રત્યેક સમયે શરીર બદલાતું રહે છે, મન બદલાતું રહે છે, સંયોગો બદલાતા રહે છે, સામગ્રીઓ બદલાતી રહે છે.** આ સ્થિતિમાં પ્રેમને જો તું ચિરસ્થાયી રાખવા માગે છે, આત્મીય સંબંધને દીર્ઘજીવી રાખવા માગે છે તો 'જતું કરતા રહેવાની ટેવ' પાડ્યા વિના તારા માટે બીજો કોઈ વિકલ્પ જ નથી.

**૪૩**

**મહારાજ સાહેબ,**

ખબર નહીં પણ કોણ જાણે કેમ મારા મનનું આ વલણ બની ગયું છે કે 'સુખી હું નથી, બીજો જ સુખી છે. સામેવાળો જ સુખી છે. તંદુરસ્ત પણ બીજો જ છે, હું નથી. શ્રીમંત પણ બીજો જ છે, હું નથી. મજામાં પણ બીજો જ છે, હું નથી. લોકપ્રિય પણ બીજો જ છે, હું નથી' મનના બની ગયેલ આવા પ્રકારના વલણના કારણે હું હર હાલતમાં મારી જાતને દુઃખી જ અનુભવું છું. આ સ્થિતિમાંથી બહાર આવવાનો કોઈ ઉપાય ?

દર્પણ,

આવું વલણ માત્ર તારું જ નથી, લગભગ સહુ કોઈનું છે. **સહુ કોઈને એમ જ લાગી રહ્યું છે કે મારી પાસે રહેલ સુખ રાઈ જેટલું જ છે અને સામા પાસે રહેલ સુખ હિમાલય જેટલું છે. મારા પર આવેલ દુઃખ મહાસાગર જેટલું છે અને સામા પર જે દુઃખ છે એ બિંદુ જેટલું જ છે.**

પ્રશ્ન મારો એ છે કે આ વાસ્તવિકતા છે કે માન્યતા છે ? જો વાસ્તવિકતા જ હોય તો પછી એમાંથી બહાર આવવાનો કોઈ વિકલ્પ જ નથી કારણ કે બધા જ દુઃખી છે અને જો માન્યતા જ હોય તો આવા મનના વલણને બહુ વજન આપવા જેવું નથી કારણ કે એ માન્યતા જ છે, હકીકત નથી.

મારે તો તને એક વાત કરવી છે. તને 'બીજો' જ સુખી દેખાય છે ને ? પણ તને એ ખ્યાલ છે ખરો કે તું પણ કોકની નજરમાં 'બીજો' જ છે અને એ તને જ સુખી માની રહ્યો છે ! તું રમેશને સુખી માની રહ્યો છે, રમેશ તને સુખી માની રહ્યો છે ! જો બીજા માટેની તારી માન્યતા સાચી જ છે એવું તને લાગી રહ્યું હોય તો તારા માટેની બીજાની માન્યતા સાચી જ હોવાનું બીજાને લાગી રહ્યું છે એનું શું ? અને બીજાની તારા માટેની માન્યતા ખોટી જ હોવાનું તું માનતો હોય તો બીજા માટેની તારી માન્યતા પણ ખોટી હોવાનું તારે સ્વીકારવું જ પડશે !

**એટલું જ કહીશ કે જો પેટ ભરવું છે તો આપણી થાળીમાં રહેલ ભોજન તરફ જ નજર રાખવા જેવી છે. બીજાની થાળીમાં રહેલ ભોજન પર નજર રાખ્યા કરવાનો કોઈ અર્થ નથી.**

## ૪૪

**મહારાજ સાહેબ,**

રોજ પરમાત્માનાં દર્શન કરવા જાઉં છું. પ્રભુ સન્મુખ જાતજાતની સ્તુતિઓ પણ બોલું છું પણ આજ સુધી હું એ સમજી શક્યો નથી કે આખરે પ્રભુ પાસે મારે માગવું શું ? પ્રભુ પાસે મારે યાચના કરવી શેની ? આપ આ અંગે કાંઈક માર્ગદર્શન આપી શકો ખરા ?

પુનિત,

તારી કક્ષાને આંખ સામે રાખીને કહું તો પ્રભુ પાસે તું આ માગી લે કે **'પ્રભુ, હું જગતને જેવો દેખાઉં છું, ખરેખર એવો હું બની જાઉં એવી તાકાત તું મને આપીને જ રહે.'**

જવાબ આપ, જગતની દૃષ્ટિમાં તું તારી જાતને કેવી દેખાડી રહ્યો છે ? સારી જ ને ? સજ્જન તરીકે જ ને ? ઉદાર તરીકે જ ને ? સૌમ્યસ્વભાવી તરીકે જ ને ? ખાનદાન તરીકે જ ને ? બસ, બાહ્યથી જગત સમક્ષ તું જે રીતે



પ્રગટ થઈ રહ્યો છે, આભ્યન્તર સ્તરે પણ તું એવો જ બન્યો રહે એ તાકાત તું પ્રભુ પાસે માગી લે !

બાકી, **મનની કરુણતા કહો તો કરુણતા અને દયનીયતા કહો તો દયનીયતા એ છે કે એને સારા દેખાવું ગમે છે પણ સારા બનવું નથી ગમતું. ફોટો સારો આવે એની તો એ કાળજી રાખે છે પરંતુ એક્સ-રે પણ નોર્મલ જ આવે એની તકેદારી એ રાખતું નથી.** અરે, આગળ વધીને કહેવું હોય તો એમ પણ કહી શકાય કે સારા બની જવા એ ઈચ્છતું જ નથી !

કારણ ?

સારા દેખાવામાં માત્ર દંભનું સેવન જ કરવું પડે છે જ્યારે સારા બની જવામાં તો વૃત્તિ-પ્રવૃત્તિઓમાં આમૂલચૂલ પરિવર્તન કરવું પડે છે કે જેના માટે મન કોઈ પણ સંયોગમાં તૈયાર નથી. એટલું જ કહીશ તને કે કોઈ પણ પળે સમાપ્ત થઈ જવાની સંભાવના ધરાવતા આ જીવનને જો તું સાચે જ સાર્થક કરી દેવા માગે છે તો પ્રભુ પાસે આ જ માગતો રહે, 'જગત સમક્ષ હું જેવો પ્રગટ થઈ રહ્યો છું, આપની સમક્ષ પણ હું એવો જ પ્રગટ થતો રહું એ તાકાત મને અર્પીને જ રહો.'

## ૪૫

**મહારાજ સાહેબ,**

મારા મનની નબળી કડી ગણો તો નબળી કડી અને બેવકૂફી કહો તો બેવકૂફી એ છે કે મને મીઠાઈ જેટલી ભાવે છે એના કરતાં ય પ્રશંસાના શબ્દો ખૂબ ભાવે છે. પ્રશંસાના શબ્દો સાંભળતા રહેવાનું મારા મનને જાણે કે એક જાતનું વ્યસન પડી ગયું છે. મારી આ વૃત્તિનું દુઃખદ પરિણામ એ આવ્યું છે કે મારી ભૂલોની આજુબાજુવાળાને જાણ થતી હોવા છતાં કોઈ મારી ભૂલ કાઢતું જ નથી. હું કરું શું ?

સુધીર,

એક વાત તું સમજી રાખજે કે **મૂર્ખાઓના મોઢે કલાકો સુધી વખાણ સાંભળવા કરતાં ય બુદ્ધિમાનના મોઢે એક મિનિટનો ઠપકો સાંભળવો એ આત્મા માટે અને જીવનને માટે વધુ લાભદાયી છે.**

તું લખે છે 'મારી ભૂલો જાણવા છતાં કોઈ કાઢતું નથી' કારણ છે આની પાછળ. સહુને ખ્યાલ આવી ગયો છે કે તને તારા અહંની પુષ્ટિ સિવાય બીજા એકેયમાં રસ નથી. શા માટે ભૂલ કાઢીને કોઈ તારો કોપ વેઠે ? શા માટે ભૂલ કાઢીને તને કોઈ પોતાનો દુશ્મન બનાવે ? અને સ્પષ્ટ શબ્દોમાં કહું તો દારૂના વ્યસનીને જેમ દૂધ કે દવા બેમાંથી



એકે ય જામતા નથી તેમ પ્રશંસાના ભૂખ્યાને ટીકા કે સલાહ બેમાંથી એકે ય જામતા નથી.

એક પ્રશ્ન પૂછું તને ?

તું અંતરથી ઇચ્છે છે ખરો કે તારી ભૂલ તને કોઈ દેખાડતું રહે ? તું ખાતરી સાથે કહી શકે તેમ છે ખરો કે તારી ભૂલ કાઢનાર પ્રત્યે તારા હૈયામાં કોઈ દુર્ભાવ ઊભો નહીં જ થાય ? તું ખુલ્લા મન સાથે કહી શકે તેમ છે ખરો કે તારી ભૂલનો તું એકરાર કરી જ લઈશ ?

યાદ રાખજે, **મીઠાઈથી થઈ જતાં ડાયાબિટીસ કરતાં ય પ્રશંસાથી પુષ્ટ થતો અહંકાર આત્મા માટે અને જીવન માટે કેઈગણો ભયંકર છે.** સાવધાન !

## ૪૯

**મહારાજ સાહેબ,**

પ્રશ્ન માત્ર અધ્યાત્મના ક્ષેત્રનો જ નથી, સંસારના ક્ષેત્રનો પણ છે. મન મારું બંને ય ક્ષેત્રમાં ચંચળ જ રહે છે. કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવાનો સ્પષ્ટ નિર્ણય મારું મન કરી શકતું જ નથી. મનની ચંચળતાના આ દોષે મને જાણે કે મુડદાલ જેવો બનાવી દીધો છે. શું મનની ચંચળતા જીવનને આ હદે તોડી નાખતી હશે ?

યોગેશ,

**મનની ચંચળતા ખતરનાક છે એની ના નથી પણ ચંચળતા કરતાં ય ચાલબાજી એ મનનો બહુ ભયંકર દોષ છે એ તારે ભૂલવા જેવું નથી.** ચંચળતા બહુ બહુ તો તને અનિર્ણાયક સ્થિતિમાં રાખે છે પણ ચાલબાજી તો મનની નિર્દોષતાનું બલિદાન લઈ લે છે.

હું તને પૂછું છું. સંબંધમાં વિશ્વાસ પેદા કરવામાં વધુ બાધક કોણ બને ? ચંચળતા કે ચાલબાજી ? જીવનને પવિત્ર

બનાવવામાં વધુ પ્રતિબંધક કોણ બને ? ચંચળતા કે ચાલબાજી ? સદ્‌ગુણોના સ્વામી બનતા કોણ રોકે ? ચંચળતા કે ચાલબાજી ? ચિત્તની પ્રસન્નતા કોણ હરી લે ? ચંચળતા કે ચાલબાજી ?

હું બીજાની વાત નથી કરતો. મારી પોતાની વાત કરું છું. ચંચળતાએ મારા સંયમજીનને નીરસ બનવા દીધું નથી પણ જ્યારે અલ્પ સમય માટે પણ ચાલબાજીનો હું શિકાર બન્યો છું, સંયમજીવનમાં હું ભયભીત બની ગયો છું. ચંચળતાએ મને કોઈના ય તિરસ્કારનો પાત્ર બનાવ્યો નથી જ્યારે ચાલબાજીએ સંયમીઓનાં હૃદયમાંથી મારું સ્થાન ઉતારી દીધું છે.

**તને હું એટલું જ કહીશ કે પહેલાં તું તારા મનને સરળ બનાવી દે. સરળતાના સ્વામી બન્યા પછી સ્થિરતાના સ્વામી બન્યા રહેવામાં તને ખાસ વાંધો નહીં આવે.** અને એક અતિ મહત્ત્વની વાત. ચંચળતાનું પોત ઉકળી રહેલા પાણી જેવું છે જ્યારે મલિનતાનું પોત ગંદા પાણી જેવું છે. ઉકળી રહેલ પાણી તો સમય જતા શાંત થઈ જશે પણ ગંદું પાણી ? હું શું કહેવા માગું છું એ તું સમજી ગયો હોઈશ.

૪૭

**મહારાજ સાહેબ,**

હાથ વિના કે પગ વિના ય જીવન ચલાવવામાં સફળતા મળી શકે છે. આંખ વિના કે કાન વિના ય એકવાર જીવન જીવી શકાય છે; પરંતુ મન વિના નથી તો જીવન જીવી શકાતું કે મન વિના નથી તો જીવન ચલાવી શકાતું પણ ખરી મુશ્કેલી એ અનુભવાય છે કે મન ઘણી ય વાર અવળે રસ્તે ચડાવી દેતું હોય છે અને એમાં ય શ્રેય અને પ્રેયના ક્ષેત્રે તો ખાસ ! આ અંગે આપનું કોઈ સૂચન ?

વાત્સલ્ય,

ખૂબ અલ્પ શબ્દોમાં તને સમજાવી દઉં તો વાસ્તવિકતા આ છે કે **'મનનું માન્યું તે મર્યા અને મનને માર્યું તે જીત્યા.'** બિલાડીને તું દૂધ લેવા મોકલે અને બિલાડી દૂધને જો સલામત રહેવા દે તો મનનું માર્ગદર્શન તું લે અને મન તને સમ્યક્ માર્ગદર્શન આપે ! અલબત્ત,

તારી એ વાત સાથે હું સંમત છું કે મન વિના જીવન જીવવું ય મુશ્કેલ છે તો જીવન ચલાવવું ય મુશ્કેલ છે પણ એમાં વાત એટલી જ સમજી રાખવાની છે કે માલિક તરીકે મન, જીવન માટે ખતરનાક

છે જ્યારે સેવક તરીકે મન, જીવન માટે ભારે ઉપકારક છે. મનને તું કયા સ્થાન પર બેસવા દે છે એના પર બધો આધાર છે.

તું એક પ્રયોગ કરી જો. મનને અંતઃકરણની આજ્ઞામાં ગોઠવી દે. વિચારોને લાગણીની આજ્ઞામાં રાખી દે. બુદ્ધિને હૃદયની આજ્ઞામાં રહેવા સમજાવી દે. હું તને ખાતરી સાથે કહું છું કે તારા જીવનમાં આજે તું જે મૂંઝવણ, ઉકળાટ અને ઉદ્વેગ વગેરે અનુભવી રહ્યો છે એ તમામ આપોઆપ રવાના થવા લાગશે એટલું જ નહીં મૂંઝવણના સ્થાને તું સ્વસ્થતા અનુભવવા લાગીશ. ઉકળાટના સ્થાને તું શાંતિ અનુભવવા લાગીશ અને ઉદ્વેગના સ્થાને તું પ્રસન્નતા અનુભવવા લાગીશ. ટૂંકમાં, **માલિક તરીકે મન એટલે પશ્ચિમ તરફની બારી અને સેવક તરીકે મન એટલે પૂર્વ તરફની બારી !**

## ૪૮

**મહારાજ સાહેબ,**

'શ્રદ્ધા' આ શબ્દ કોણ જાણે કેટકેટલીય વાર કાને પડ્યો છે પણ સાચું કહું તો આજ સુધી હું એની વ્યાખ્યા નથી સમજી શક્યો. મારે જાણવું છે કે શ્રદ્ધા આખરે છે શું ? સાહસ ? વિશ્વાસ ? કે પછી બીજું કાંઈ ?

પૂજન,

**તને સમજાય તેવી સ્થૂલ ભાષામાં કહું તો ન દેખાતાં પરિબળોને જાણવા, મેળવવા કે અનુભવવા દેખાતાં પરિબળોને છોડી દેવાની જે તાકાત એનું નામ છે શ્રદ્ધા.** અલબત્ત, એક અપેક્ષાએ જોવા જઈએ તો આ શ્રદ્ધાની વ્યાખ્યા નથી પરંતુ શ્રદ્ધાનું પરિણામ છે. અને એટલે જ તને કહેવાનું મને મન થઈ જાય છે કે તું શ્રદ્ધાની વ્યાખ્યા જાણવાની માથાફોડમાં પડ્યા વિના શ્રદ્ધાજન્ય પરિણામને જ જોતો થઈ જા. શ્રદ્ધાળુ બની જતાં તને વાર નહીં લાગે.

જે પરિબળે મને સંસાર સમસ્તનો ત્યાગ કરી દેવા ઉલ્લસિત કરી દીધો છે એ પરિબળનું નામ શ્રદ્ધા છે. પ્રભુની પ્રતિષ્ઠા કરવા માટે જે પરિબળો લાખો-કરોડો રૂપિયાનો ભક્ત પાસે સહજરૂપે ત્યાગ કરાવી દે છે એ પરિબળનું નામ શ્રદ્ધા છે. સામી વ્યક્તિ પર આવી પડેલ દુઃખને

જોઈને જે પરિબળ ભોજનને અકારું બનાવી દે છે એ પરિબળનું નામ શ્રદ્ધા છે. સમ્યક્ પ્રતિજ્ઞાના પાલન ખાતર જે પરિબળ પ્રાણ ન્યોચ્છાવર કરવા મનને તૈયાર કરી દે છે એ પરિબળનું નામ શ્રદ્ધા છે.

મારી આ વાત તારા મગજમાં જો બેસી ગઈ હોય તો મારી તને ખાસ સલાહ છે કે તું શ્રદ્ધાની વ્યાખ્યા શોધવાનું હવે બંધ કરી દે. કદાચ જીવન તારું સમાપ્તિના આરે આવીને ઊભું રહી જશે અને તું શ્રદ્ધાની વ્યાખ્યાને સમજી નહીં શકે,.

**તું એવા સમ્યક્ પરિબળનો સ્વામી બની જા કે જે પરિબળ તારા જીવનને સમ્યક્ માર્ગે દોડતું કરી દે, જે પરિબળ તારા હૃદયમાં શ્રેય પ્રત્યેનું આકર્ષણ ઊભું કરી દે, જે પરિબળ તારા મનને નિર્મળ બનાવીને જ રહે ! એ પરિબળને તારે 'શ્રદ્ધા'નું નામ આપી દેવું હોય તો તને મારી છૂટ છે.**

## ૪૯

**મહારાજ સાહેબ,**

જીવનમાં કેટલાય પ્રસંગો એવા બન્યા છે કે જેના ઘાવ આજે ય એટલા જ જીવંત છે. સ્વજનોએ કરેલ ઉપેક્ષા અને વિશ્વાસુઓએ કરેલ દગાબાજી, આ બે પરિબળોએ તો મનને બેહદ તોડી નાખ્યું છે. આપ કોક એવું સમાધાન આપી શકો ખરા કે જેના સહારે હું મન પર પડેલા આ ઘાવોથી મુક્ત થઈ જાઉં ?

પ્રીતેશ,

**સમજ અને સમય, આ બે પરિબળો એવા છે કે જેનામાં મનને સાજા કરી દેવાની જબરદસ્ત તાકાત ધરબાયેલી છે.** જો તું સમ્યક્ સમજનો સ્વામી બની જાય છે - જીવોની કર્મપરવશ અવસ્થા, સુસંસ્કારોની આધીનતા, નિમિત્તોની ગુલામી વગેરે સમજ તું હાથવગી રાખે છે તો નિકટની વ્યક્તિઓ તરફથી થતી ઉપેક્ષા કે વિશ્વાસઘાત વચ્ચે ય તારા મનને સ્વસ્થ રાખવામાં તને કોઈ જ તકલીફ પડી શકે તેમ નથી.

પણ સબૂર !

**આવી સમ્યક્ સમજ કાં તો તારી પાસે છે નહીં અને કદાચ છે તો પણ કષાયોના પ્રાબલ્યના કારણે એવા સમયે એ સમજનું જો બાષ્પીભવન થઈ જાય છે તો પછી મનને સ્વસ્થ બનાવી દેવામાં સમયનો સહારો જ કામ લાગે છે.** સમય જેમ જેમ પસાર થતો જાય છે, મન પર એ ઉપેક્ષાની અને વિશ્વાસઘાતની જે ગલત અસર ઊભી થઈ ગઈ હોય છે, આપોઆપ એનામાં કડાકો બોલાવા લાગે છે.

તને મારે એટલું જ કહેવું છે કે જો તું સમ્યક્ સમજનો સ્વામી નથી પણ બની શક્યો અને ગલત અનુભવો થયાને મહિનાઓ અને વરસો વીતી ગયા પછી પણ જો તું ગલત અનુભવોને ભૂલી નથી શક્યો અને એના કારણે મનને તું એ અસરથી આજે ય મુક્ત નથી કરી શક્યો તો તારું ભાવિ તો ભયંકર છે જ પણ વર્તમાનમાં પ્રસન્ન બન્યા રહેવું ય તારા માટે મુશ્કેલ છે. સાવધાન!

૫૦

**મહારાજ સાહેબ,**

ક્યારેક ક્યારેક એવા માણસોને મળવાનું થાય છે કે જેઓને મળ્યા પછી એમ લાગે કે આપણે માણસને નથી મળતા, પથ્થરને કે મશીનને મળી રહ્યા છીએ. નથી એમનામાં સંવેદનશીલતા જોવા મળતી કે નથી એમનામાં કરુણા જોવા મળતી. ઉપદેશ તો એમને કોઈ અસર નથી કરતો પણ ઉદાહરણો પણ એમને કોઈ અસર નથી કરતા. આવા માણસોને જોયા પછી મનમાં એમના માટે એક પ્રકારનો આક્રોશ ઊભો થઈ જાય છે. કોઈ સમાધાન ?

કોમળ,

**રણપ્રદેશમાંથી કોઈ નદી નીકળી હોય એવું તને ક્યારેય જોવા મળ્યું છે ખરું ?** ના. તો આ જગતમાં કેટલાક જીવો આ રણપ્રદેશ જેવા જ છે. તને એમનામાં કરુણતાનાં, કોમળતાનાં અને સંવેદનશીલતાનાં દર્શન ન જ થઈ શકે એમાં કોઈ નવાઈ પામવા જેવું છે જ નહીં.

મારે તો તને કહેવું છે કે તું ખુદ તારામાં રહેલ સંવેદનશીલતાને જો જીવંત રાખવા માગતો હોય તો મશીનોના

ઉપયોગથી તારી જાતને જેટલી દૂર રાખી શકતો હોય એટલી દૂર રાખતો રહેજે. કારણ કે મશીનો એક જ કામ કરી રહ્યા છે, જીવંત માણસો સાથેના સંપર્કોને તોડતા રહેવાનું !

ટી.વી.એ બાળકોને માબાપથી દૂર કરી દીધા છે. મોબાઈલ ફોનોએ પરિવારના સભ્યો સાથેના, મિત્રો સાથેના, સમાજ સાથેના સંપર્કોને ખતમ કરી નાખ્યા છે. કમ્પ્યૂટર, કેલક્યુલેટર, ઘરઘંટી, વૉશિંગ મશીન, વીડિયો, વેબસાઈટ વગેરે મશીનોએ દુનિયાને ભલે નજીક લાવી દીધી છે; પરંતુ જીવો સાથેના જીવંત સંપર્કોમાં તો કડાકો બોલાવી જ દીધો છે.

સંદેશ સ્પષ્ટ છે. **સંવેદનશીલતા સંબંધને બંધાયેલી છે. સંબંધ સંપર્કને બંધાયેલો છે.** જો સંપર્ક જ સ્થગિત છે તો પછી સંવેદનશીલતાની સ્મશાનયાત્રા નીકળી જતી હોય એમાં નવાઈ પામવા જેવું નથી. ટૂંકમાં, મશીન ન બની જવું હોય તો મશીનોના સંપર્કથી બને એટલો બચતો જા. ફાવી જઈશ.

સંઘર્ષ, સંકલેશ અને
સંબંધવિચ્છેદ
એ જો જીવન માટે
ઝેરરૂપ છે તો
સંબંધ, સંવાદ અને
સંવેદનશીલતા
એ જીવન માટે
અમૃતરૂપ છે.
આ ઝેર અને અમૃતની
સ્પષ્ટ સમજ આપતું,
ઝેરના ત્યાગ માટે અને
અમૃતના સેવન માટે
પ્રોત્સાહિત કરતું પુસ્તક
એટલે જ
'સમજી ગયો છું'

# એક નાનકડો સમ્યક્ પ્રયાસ

જગતમાં કે જીવનમાં જે પણ અરાજકતા ફેલાય છે, વિસંવાદિતા સર્જાય છે, હતાશા-નિરાશા વ્યાપે છે એનાં મૂળમાં અણસમજનો ફાળો એટલો નથી હોતો જેટલો ફાળો ગેરસમજનો હોય છે. અણસમજ કદાચ અજ્ઞાનને કે અબોધને આભારી હોય છે પણ ગેરસમજ તો વિકૃત બુદ્ધિને આભારી હોય છે. અહીં પ્રભુવચનોના માધ્યમે કેટલીક અણસમજોને અને ગેરસમજોને દૂર કરવા મારા મંદક્ષયોપશમાનુસાર મેં પ્રયાસ કર્યો છે. જો મન ખુલ્લું હોય તો અંતર સમ્યક્ જ્ઞાનના પ્રકાશથી ઝળું-હળું થઈ જાય તેમ છે.

★ ★ ★

આ દિશાના મારા પ્રયાસમાં અજાણતાં ય જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાણ થઈ ગયું હોય તો હું એનું ત્રિવિધે ત્રિવિધે અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડં માગું છું.

**દ. આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ**